પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૨-૦૭-૨૦૨૫- શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૮૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

## એક માસ પૂર્વેની અમદાવાદ વિમાન દુર્ઘટનાના પ્રાથમિક રીપોર્ટમાં અનેક ચોંકાવનારા તારણો

# ફ્યુલ સ્વીચ રનથી કટઓફ થતા વિમાન તૂટી પડયું હતું

### કોકપીટમાં બન્ને પાઈલોટોએ કોણે ફ્યુલ સપ્લાઈ બંધ કર્યું તે એક બીજાને પૂછયું હતું

નવી દિલ્હી, તા. ૧૨

આજથી એક માસ પૂર્વે ૧૨ જુનના રોજ અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઈન્ડીયાની ૨૪૦ મુસાફરો અને ક્રુ મેમ્બર સાથેની ફલાઈટને અમદાવાદી વિમાની મથકેથી ટેકઓફના મીનીટોમાં જ સર્જાયેલી દુર્ઘટના અને ૨૬૦ લોકોના જીવન લેનાર આ કરૂણાંતિકામાં પ્રાથમિક રીપોર્ટ જાહેર થયો છે અને તે એર ઈન્ડીયા ઉપરાંત બોઈંગ કંપની માટે પણ ચોંકાવનારો છે અને તેના જ કારણે એવીએશન ઈન્ડસ્ટ્રીમાં ભાગ્યે જ બનતી દુર્ઘટનામાં આ અમદાવાદના અકસ્માતનો સમાવેશ થયો છે.

એટલું જ નહીં આ દુર્ઘટના એ કોઈ વિમાની એન્જીનીયરીંગ ટેકનોલોજીની ક્ષતિ હતી કે માનવ ભૂલ હતી અથવા તો તે ઈરાદાપૂર્વક સર્જવામાં આવેલો અકસ્માત હતો તે પણ રહસ્ય ગાઢ બન્યુ છે અને આગામી ત્રણ માસમાં તપાસનો પુરો રીપોર્ટ આવી ગયા બાદ સમગ્ર દુર્ઘટના પરથી પડદો ઉંચકાશે તેવો સંકેત છે.ધ એરક્રાફટ એકસીડન્ટ ઈન્વેસ્ટીગેશન બ્યુરો દ્વારા જે તપાસ રીપોર્ટ એર ઈન્ડીયાની ફલાઈટ એઆઈ ૧૭૧નો બહાર પડાયો છે તે પણ ચોંકાવનારો છે. ૧૫ પાનાનો આ પ્રાથમીક રીપોર્ટમાં અકસ્માતના પ્રારંભીક કારણો અને અકસ્માત પૂર્વેની થોડી સેકન્ડોની ઝાંખી આપવામાં આવી છે અને તેમાં દુનિયામાં સૌથી સલામત ગણાતા બોઈંગ ૭૮૭-બી ડ્રીમલાઈનર વિમાનમાં આ પ્રકારની પણ ટેકનીકલ ક્ષતિ પણ સર્જાઈ શકે છે તે બહાર આવ્યું છે.

રીપોર્ટમાં જણાવાયું છે કે વિમાનના બન્ને એન્જીનોની ફયુલ સપ્લાય ટેકઓફના ૩ સેકન્ડમાં જ કપાઈ ગયો હતો અને ૨૯ સેકન્ડ બાદ વિમાન ક્રેસ થયું હતું. તપાસ રીપોર્ટ કહે છે કે ફયુલ સપ્લાઈ કપાઈ

અનુસંધાન પાના ૭ પર






## અમેરિકાની એજન્સીએ ફ્યુલ સ્વિચ અંગે સલાહ આપી હતી

### સાત વર્ષ પૂર્વે મળેલી ચેતવણી એર ઈન્ડિયાએ અવગણી હતી

નવી દિલ્હી, તા. ૧૨

એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ અમદાવાદ પ્લેન ક્રેશ અંગે પ્રારંભિક રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટમાં ઘણા મહત્વપૂર્ણ ખુલાસા થયા છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે અમેરિકન એજન્સીએ સાત વર્ષ પહેલા બોઈંગ ૭૮૭ એરક્રાફ્ટના ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ અંગે એક એડવાઈઝરી જારી કરી હતી.અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના રિપોર્ટમાં એક મોટું સત્ય બહાર આવ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકન એજન્સી ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA ) એ સાત વર્ષ પહેલાં એર ઈન્ડિયાને એન્જિન કંટ્રોલ સ્વીચ અંગે મહત્વપૂર્ણ સલાહ આપી હતી.પરંતુ એર ઈન્ડિયાએ તેની અવગણના કરી હતી. એર ઈન્ડિયાએ કહ્યું હતું કે FAA એ ફક્ત એક સલાહ જારી કરી હતી,

અનુસંધાન પાના ૭ પર

## બોઈંગ નિર્મિત વિમાન ડ્રીમલાઈનર ઉડતા રહેશે

નવી દિલ્હી, તા. ૧૨

એરઈન્ડીયાની ફલાઈટ નં.એઆઈ ૧૭૧ને નડેલી દુર્ઘટનામાં પ્રાથમીક રિપોર્ટ આવી ગયો છે અને તે પોસ્ટમોર્ટમ રીપોર્ટ જેવો છે પરંતુ હવે ફોરેન્સીક રીપોર્ટ જેવી આગળ વધશે. એરક્રાફટ એકસીડેન્ટ ઈન્વેસ્ટીગેન દ્વારા હજુ તેના પ્રાથમીક રીપોર્ટમાં કોઈ ભલામણ કરવામાં આવી નથી અને તેના કારણે હાલ બોઈંગના આ ડ્રીમલાઈનર ઉડતા રહેશે.એર ઈન્ડીયા અને બોઈંગ કંપની બન્ને સતત રીતે તપાસમાં સાથે છે. આ પ્રકારની તપાસમાં સામાન્ય રીતે પ્રાથમીક રીતે કોઈ ભલામણ કરાતી નથી અને આગામી ત્રણ માસમાં તેનો પૂરો રીપોર્ટ આવી ગયા પછી આગળની કાર્યવાહી થશે.

## વિમાન ટેકઓફના ફકત 3 સેકન્ડમાં જ એક બાદ એક એન્જીનના પાવર સપ્લાઈ ૧ સેકન્ડના અંતરે બંધ થયા હતા

## તપાસ રીપોર્ટમાં પાઈલોટ અને ક્રુ મેમ્બર તમામ ટેસ્ટમાં ફીટ જાહેર થયા હતા

### દુર્ઘટનાગ્રસ્ત એરક્રાફ્ટની આખરી ૯૮ સેકન્ડની માહિતી મળી

નવી દિલ્હી, તા. ૧૨

એર ઈન્ડીયાની ફલાઈટ નં.એઆઈ ૧૭૧ને નડેલી દુર્ઘટનામાં તપાસ રીપોર્ટના ૯૮ સેકન્ડનું વિવરણ અપાયું છે આ ફલાઈટ એ તમામ કલીરન્સ મેળવ્યા બાદ તા.૧૨ જુનના બપોરે ૧.૩૮ કલાકે ટેકઓફ કર્યુ હતું અને ફકત ૩૨ સેકન્ડ હવામાં રહ્યું હતું. ૧૫ પાનાના રીપોર્ટમાં આ વિમાનના ટેકઓફ અને દુર્ઘટના વચ્ચેની ૯૮ સેકન્ડની માહિતી આપવામાં આવી છે.૧.૩૮ કલાકે ટેકઓફ થયા બાદ ડ્રીમલાઈનર ૩૨ સેકન્ડ હવામાં રહ્યું હતું અને તે સમયે તેના એન્જીન ૨૮૪ કી.મી. પ્રતિકલાકની સ્પીડ પર હતા. ફકત બે સેકન્ડમાં જ વિમાને રોટેશન સ્પીડ જેને વીઆર સ્પીડ તરીકે ઓળખવામાં આવે છે તે ૨૮૭ કિ.મી. પ્રતિકલાકના સ્તરે પહોંચી હતી. પછીની ૩ સેકન્ડમાં વિમાનની ગતિ ૩૩૪ કી.મી. પ્રતિકલાકે પહોંચી હતી અને તે બાદ તુર્ત જ બન્ને એન્જીનો શટડાઉન થયા હતા.

અનુસંધાન પાના ૭ પર

## તપાસ રિપોર્ટમાં બર્ડ હીટની શકયતા નકારાઈ

### વિમાન મેડીકલ કોલેજ બિલ્ડિંગ સાથે અથડાયું તે સમયે પણ એન્જીનમાં કોઈ થ્રસ્ટ ન હતો

નવી દિલ્હી, તા. ૧૨

અમદાવાદની એર ઈન્ડીયાની ફલાઈટને ભયાનક દુર્ઘટનાના એક મહિનો પ્રાથમિક તપાસ રીપોર્ટ જારી કરવામાં આવ્યો છે.બન્ને પાયલોટ સ્વસ્થ હતા તેમજ વિમાન સાથે બર્ડ હીટના પણ સંકેત ન હોવાનું સુચવાયું છે.૧૫ પાનાના રીપોર્ટમાં એમ કહેવાયું છે કે વિમાન સાથે પક્ષી અથડાવાના કોઈ સંકેત મળ્યા નથી. હવામાન પણ સાફ હતું અને પવનની ગતિ પણ સામાન્ય હતી. બન્ને પાયલોટ સ્વસ્થ હતા. એટલુ જ નહિં ઉડ્ડયનનો પર્યાપ્ત અનુભવ પણ હતો. કોઈ તોડફોડ કે ષડયંત્ર સંબંધી સંકેતો પણ મળ્યા નથી.

વિમાન ટેક ઓફ વખતે એક એન્જીન ચાલુ થયુ હતું પરંતુ બીજુ ચાલુ થઈ શકયુ ન હતું. વિમાનનું થસ્ટ લીવર નિષ્ક્રીય અવસ્થામાં માલુમ પડયુ હતું. ઈંધણમાં કોઈ મિલાવટ ન હતી. ફલેપ સેટીંગ યોગ્ય

અનુસંધાન પાના ૭ પર

## કોર્ટમાં ૪૦ વર્ષ સુધી કેસ ચાલ્યો આરોપીને એક દિવસની સજા

### ટ્રાયલમાં વિલંબ બંધારણીય અધિકારની વિરુદ્ધ હોવાની હાઈકોર્ટની ટકોર

નવી દિલ્હી, તા. ૧૨

દિલ્હી હાઈકોર્ટ સંબંધિત એક કેસમાં કેસ કેટલો લાંબો સમય લંબાઈ શકે છે તેનું ઉદાહરણ સ્પષ્ટપણે દેખાય છે. દિલ્હી હાઈકોર્ટમાં ભ્રષ્ટાચાર સંબંધિત એક કેસ ૪૦ વર્ષ સુધી લંબાયા બાદ, કોર્ટે ૯૦ વર્ષના એક દોષિતને માત્ર ૧ દિવસની સજા ફટકારી હતી.દોષી હવે એટલો વૃદ્ધ થઈ ગયો છે કે તેને ઘણી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ છે. આવી સ્થિતિમાં, દિલ્હી હાઈકોર્ટે દોષિતને રાહત આપી અને તેને ફક્ત એક દિવસની સજા ફટકારી અને તે પહેલાથી જ આ સજા ભોગવી ચૂક્યો છે.

આ કેસ ૪ દાયકા જૂના ભ્રષ્ટાચાર સાથે સંબંધિત છે. કેસ પર ટિપ્પણી કરતા, દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે, આ વિલંબ ઝડપી ટ્રાયલના બંધારણીય અધિકારની વિરુદ્ધ છે અને આ સાથે જસ્ટિસ જસમીત સિંહે આરોપીની સજા ઘટાડીને એક દિવસ કરી દીધી. આ કેસ સીબીઆઈ દ્વારા ૧૯૮૪માં નોંધવામાં આવ્યો હતો.

## બિહારમાં વધુ એક વેપારીની હત્યા મીની માર્ટના માલિક પર ગોળીબાર

### રાત્રી સમયે બાઈક પર આવેલા ત્રણ ગુન્ડાઓએ વિક્રમ કુમાર ઝા ને ગોળી ધરબી દીધી



પટના, તા. ૧૨

બિહાર પોલીસની વિશ્વસનીયતા સંપૂર્ણપણે ખોવાઈ ગઈ હોય તેવું લાગે છે. પટનામાં પણ ગુનેગારો દરરોજ મોટા ગુનાઓ કરીને તેમને પડકાર ફેંકી રહ્યા છે, પરંતુ પોલીસ ફક્ત ઘટના પછીની પ્રક્રિયા જ કરી શકી છે. આ વખતે ફરી એક વેપારીની હત્યા કરવામાં આવી છે.

રાજધાની પટનામાં ફરી એકવાર ગુનેગારોએ ખૂની ગુનો કર્યો છે. આ ઘટના પટનાના રામકૃષ્ણ નગર પોલીસ સ્ટેશન વિસ્તારના પૂર્વ આશુચકની છે, જ્યાં શુક્રવારે મોડી રાત્રે ગુનેગારોએ એક દુકાનદારની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. મૃતકની ઓળખ તૃષ્ણા મિની માર્ટના માલિક વિક્રમ કુમાર ઝા તરીકે થઈ હતી.

વિક્રમ ઝા દરભંગાના લહેરિયાસરાયનો રહેવાસી હતો. તે પટણાના રામકૃષ્ણ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભાડાના મકાનમાં તેની પત્ની અને બાળક સાથે રહેતો હતો અને પોતાનું ગુજરાન ચલાવવા માટે કરિયાણાની દુકાન ચલાવતો હતો. સ્થાનિક લોકો તેને ઘાયલ હાલતમાં સારવાર માટે પટણા હોસ્પિટલ લઈ ગયા, જ્યાં તેની હાલત ગંભીર હતી. સારવાર દરમિયાન, ડોક્ટરે તેને કહ્યું કે તેનું મૃત્યુ જાહેર કર્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકાથી ૨૨ ગુજરાતી સહિત ૨૦૦ ભારતીયો પરત ધકેલાયા

### ડીપોર્ટ કરાયેલા લોકોના વિમાનમાં હાથ પગ બાંધી દેવાયા હતા

અમદાવાદ, તા. ૧૨

ફેબ્રુઆરીમાં અમેરિકાએ ઉપરાછાપરી ત્રણ ડિપોર્ટેશન ફ્લાઈટસ ઈન્ડિયા મોકલી ત્યારે જોરદાર હોબાળો થયો હતો, ત્યારબાદ જાણે અમેરિકાએ ઈન્ડિયન્સને ડિપોર્ટ કરવાનું જ બંધ કરી દીધું હોય તેવો માહોલ હતો. જોકે, યુએસથી રોજેરોજ ઈન્ડિયન્સ ડિપોર્ટ થઈ જ રહ્યા છે અને હાલમાં જ એક આખી ફ્લાઈટ ઈન્ડિયા આવી હોવાની જાણકારી મળી છે.

આ ફ્લાઈટમાં મોટાભાગે મહેસાણા અને ગાંધીનગર સહિતનાં ૨૦-૨૨ ગુજરાતીઓને અમેરિકાથી મોકલાયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. એક વર્ષથી પણ વધુ સમય સુધી અમેરિકાની જેલમાં રખાયા બાદ આ જ ફ્લાઈટમાં ઈન્ડિયા પાછા મોકલાયેલા એક ગુજરાતીએ પોતાની ઓળખ ના આપવાની શરતે જણાવ્યું હતું કે ડિપોર્ટેશન ફ્લાઈટમાં ૨૦૦થી વધારે ઈમિગ્રન્ટ્સ હતાં જેમાં કેટલીક મહિલાઓ પણ હતી.

અનુસંધાન પાના ૭ પર

## ભારતમાં આતંકીઓને ઘુસાડવા નેપાળના માર્ગનો થતો ઉપયોગ

### લશ્કર-એ-તોયબા અને જૈને મોહમદે ફરી ભારત નેપાળ બોર્ડર પર સક્રિય

નવી દિલ્હી, તા. ૧૨

જમ્મુ કાશ્મીર સહિતના ક્ષેત્રમાં હજુ પણ વધી રહેલી ત્રાસવાદી પ્રવૃતિ વચ્ચે નવો ઘટસ્ફોટ થયો છે અને પાકિસ્તાને હવે તેના ત્રાસવાદીઓને ભારતમાં ઘુસાડવા માટે નેપાળના માર્ગનો ઉપયોગ શરૂ કર્યો હોવાનું ખુન નેપાળના અધિકારીઓએ સ્વીકાર્યું છે અને બન્ને દેશો વચ્ચે પાક. ત્રાસવાદને આગળ વધતો રોકવા ખાસ જોઈન્ટ એકશનની આવશ્યકતા દર્શાવી છે.દક્ષિણ એશીયામાં પ્રાદેશીક શાંતિ અને સલામતી મુદે એક સેમીનારમાં નેપાળના રાષ્ટ્રપતિના મુખ્ય રાજકીય સલાહકાર સુનીલ બહાદુર થાપાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રસંઘ દ્વારા જેને પ્રતીબંધીત ત્રાસવાદી સંગઠન જાહેર કરાયા છે તે લશ્કર એ તોયબા અને જૈને મહમદ દ્વારા ભારતમાં ત્રાસવાદીઓને ઘુસાડવા નેપાળના માર્ગનો ઉપયોગ થઈ રહ્યો છે અને નેપાળ તે અંગે ચિંતીત છે.ભારત અને નેપાળ વચ્ચે ખુલ્લી સરહદ જેવી સ્થિતિ છે અને તેનો આ પ્રકારે ત્રાસવાદી ઘુસણખોરીમાં ઉપયોગ થઈ રહ્યો છે. ૨૦૧૩માં જ નેપાળ પોલીસ ઈન્ડીયન મુજાહીદીનના સહ સ્થાપક યાસીન ભકત્લને નેપાળમાંથી ભારતમાં ઘુસણખોરી સમયે ઝડપી લેવાયો હતો. અને તે સમયે જ પાકિસ્તાન દ્વારા આ માર્ગનો ઉપયોગ થતો હોવાનું ખુલ્યું હતું.

## પાંચ વર્ષ બાદ વિદેશમંત્રી એસ. જયશંકર ચીનના પ્રવાસે જશે

### શાંઘાઈ કોપરરેશન કાન્સીલની બઠકમાં હાજરી આપશે ભારતના વિદેશમંત્રી

નવી દિલ્હી, તા. ૧૨

ભારત અને ચીન વચ્ચે વ્યાપારથી લઈ સરહદ મુદે લાંબા સમયથી બની રહેલા ઠંડા સબંધોમાં ફરી એક વખત ગરમીના સંકેત છે અને પાંચ વર્ષ પછી ભારતના વિદેશ મંત્રી ચીનની મુલાકાત લેશે.

શ્રી એસ. જયશંકર ચીનમાં તા.૧૪/૧૫ જુલાઈના યોજાનાર સાંઘાઈ કોપરેશન ઓર્ગેનાઈઝેશનના વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજર રહેનાર છે. પણ તે પૂર્વે તેઓ ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે દ્વિપક્ષી વાટાઘાટ પણ કરશે.

બન્ને દેશો વચ્ચેના સંબંધોમાં લાંબા સમયથી જે રીતે અત્યંત તનાવ વચ્ચે પણ યથાવત સ્થિતિ બની રહી છે. તેનો યોગ્ય કરવા પ્રયત્ન કરશે. બન્ને દેશોના વિદેશ મંત્રી વચ્ચે ખાસ કરીને ઓપરેશન સિંદૂર સમયે જે રીતે ચીને પાકિસ્તાનને મદદ કરી હતી.

તે મુદો પણ ચર્ચાશે તેવું માનવામાં આવે છે જયારે હાલમાં

અનુસંધાન પાના ૭ પર

## ટોલનાકા પર લુઝ ફાસ્ટ ટેગ હેશે તો વાહન બ્લેક લીસ્ટ થશે

### કેટલાંક વાહનવાળા કારનું ફાસ્ટેગ હાથથી બતાવી ગેરરિતી આચરતા હોવાનો ખુલાસો

નવી દિલ્હી, તા. ૧૨

જે ગાડીવાળાઓ ફાસ્ટેગને પોતાની ગાડીની વિંડ સ્ક્રીન પર ન લગાવીને ટોલ પ્લાઝા પર હાથ (ટેગ-ઈન-હેન્ડ)માં લઈને દેખાડે છે. તેને બ્લેક લીસ્ટ કરવા માટે એનએચએઆઈ મોટુ અભિયાન ચલાવી રહ્યું છે.

એનએચએઆઈનું કહેવુ છે કે, તે કેટલાક ગાડીવાળા કારનાં ફાસ્ટેગ ટ્રેક અને અન્ય મોટા વાહનમાં ચલાવવાની કોશીશ કરતા હોય છે પણ હવેથી જે ગાડી પર ફાસ્ટેગ નહી ચોટાડવામાં આવે તે ગાડીનાં ફાસ્ટેગને બ્લેક લીસ્ટ કરી દેવામાં આવશે.એનએચએઆઈનું કહેવુ છે કે, દેશથી ટેગ-ઈન-હેન્ડ સિસ્ટમ ખતમ કરવા માટે એનએચએઆઈના તમામ ટોલ પ્લાઝા પર આવા ફાસ્ટટેગને બ્લેક લીસ્ટ કરવા માટે એક સ્પેશ્યલ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે.જે અંતર્ગત જે પણ ટોલ પ્લાઝા પરથી આવી ગાડી પસાર થાય તો એ ટોલ પ્લાઝા વાળાની ડયુટી છે કે આવા ફાસ્ટ ટેગની ડયુટી ડિટેલ નોટ કરી એનએચએઆઈનો ઈ-મેલ કરે. ત્યારબાદ તેને બ્લેક લીસ્ટ કરી દેવામાં આવશે.

એનએચએઆઈનુ કહેવુ છે કે, ટેગ-ઈન-હેન્ડ કે લુઝ ફાસ્ટેગવાળી ગેરકાયદે સિસ્ટમને ખતમ કરી દેવામાં આવશે. આ એટલા માટે પણ જરૂરી છે કે આવનારા સમયમાં દેશમાં વાર્ષિક ટોલ પાસ સિસ્ટમ

અનુસંધાન પાના ૭ પર



# સુરત શહેર-જિલ્લાના તમામ બ્રિજોના ઈન્સ્પેક્શન કરવા કલેક્ટરનો આદેશ

## ડો. સૌરભ પારઘીના હુકમને પગલે અધિકારીઓની ટીમોએ વિવિધ બ્રિજોની ચકાસણી કરી

સુરત, તા.૧૨

સુરત જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીએ સુરત શહેર-જિલ્લામાં આવેલા બ્રિજોની સ્થાપના સમય તેમજ પુલોની વર્તમાન સ્થિતિ, ઈન્સપેકશન અને ક્ષમતા અંગેનો લેટેસ્ટ રિપોર્ટ આપવા સબંધિત અધિકારીઓને કરેલા આદેશ અંતર્ગત જિલ્લાના અધિકારીઓ બપોર બાદ તમામ બ્રિજોની સાઈટવિઝીટ કરી સઘન ચકાસણી કરી હતી. આ ઈન્સ્પેકશન ડ્રાઈવમાં પ્રાંત અધિકારીના નેજા હેઠળ જે તે તાલુકાના મામલતદાર, નાયબ કાર્યપાલક ઈજનેર, પોલીસ ઈન્સ્પેકટર સહિતના અધિકારીઓની ટીમ સાથે સંબંધિત તાલુકાના તમામ ઓવરબ્રિજો, નાળા અને ઓવરપાસ જેવા પુલોની તાત્કાલિક ચકાસણી કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આજ રોજ માંડવી પ્રાંત અધિકારીએ માંડવીથી શેરૂલા જતા રસ્તાના બ્રિજ, ઓલપાડ મામલતદારની ટીમે માસમા ખાડી પરના નવા બ્રિજ તથા તેના ખાડી પરનો જુનો તથા નવા બ્રિજ, ટકારમા બ્રિજની મુલાકાત લીધી હતી. બારડોલીથી મીઢોળા નદી પરના બ્રિજ, અડાજણ મામલતદારની ટીમે ઈચ્છાપોર તથા ભાઠા બ્રિજો તેમજ કતારગામ મામલતદારે મકાઈપુલ તથા નેહરૂ બ્રિજ, નહેર વિભાગના અધિકારીઓએ નહેર વિભાગના બ્રિજોની મુલાકાત લઈને જરૂરી લેટેસ્ટ અહેવાલ જિલ્લા કલેકટરને સુપ્રત કરશે. આ ઉપરાંત, નેશનલ હાઈવે ઓથોરિટી, માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ તથા પંચાયત હસ્તકના દરેક પુલ તેમજ મેટ્રો, સુડાના પુલની વર્તમાન સ્થિતિની ચકાસણી કરી રિપોર્ટ જિલ્લા કલેકટરશ્રીને આપશે.

# તા.૧૪મીથી રેલ્વે રિઝર્વેશન ચાર્ટના સમયમાં ફેરફાર થશે

## પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની સુવિધા વધારવા પ્રયાસો

સુરત, તા.૧૨

પશ્ચિમ રેલ્વે ૧૪ જુલાઈ, ૨૦૨૫ થી રિઝર્વેશન ચાર્ટ તૈયાર કરવાના સમયમાં સુધારો કરે છે. રેલ્વે બોર્ડ દ્વારા જારી કરાયેલ નવીનતમ માર્ગદર્શિકા અનુસાર, પશ્ચિમ રેલ્વે માટે રિઝર્વેશન ચાર્ટ તૈયાર કરવાનું સમયપત્રક ૧૪ જુલાઈ, ૨૦૨૫ થી અમલમાં આવશે. આ પહેલનો ઉદ્દેશ્ય કામગીરીની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને મુસાફરોની સુવિધા વધારવાનો છે. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક વિભાગ દ્વારા જારી કરાયેલ પ્રેસ રિલીઝ અનુસાર, પ્રથમ રિઝર્વેશન ચાર્ટ તૈયાર કરવા અંગે રેલ્વે બોર્ડ તરફથી મળેલી સૂચનાઓ અનુસાર સમયપત્રક નીચે મુજબ છેઃ- ૦૫:૦૧ કલાકથી ૧૪:૦૦ કલાકની વચ્ચે ઉપડતી ટ્રેનો માટે, પ્રથમ રિઝર્વેશન ચાર્ટ પાછલા દિવસે ૨૧:૦૦ કલાક સુધીમાં તૈયાર કરવામાં આવશે. ૧૪:૦૧ કલાકથી ૧૬:૦૦ કલાકની વચ્ચે ઉપડતી ટ્રેનો માટે, પ્રથમ રિઝર્વેશન ચાર્ટ તે જ દિવસે ૦૭:૩૦ કલાક સુધીમાં તૈયાર કરવામાં આવશે. ૧૬:૦૧ કલાકથી ૨૩.૫૯ કલાક અને ૦૦.૦૦ કલાકથી ૦૫:૦૦ કલાક સુધી ઉપડતી ટ્રેનો માટે, પ્રથમ રિઝર્વેશન ચાર્ટ નિર્ધારિત પ્રસ્થાનના આઠ કલાક પહેલાં તૈયાર કરવામાં આવશે.




# ખેરગામ કોલેજમાં વિવિધ પ્રકારના વૃક્ષાનું રોપણ કરાયું

## એનએસએસ સ્વયંસેવકો દ્વારા પર્યાવરણનું સંવર્ધન

ખેરગામ, તા.૧૨

ખેરગામ સરસીયા ખાતે આવેલી સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ અંતર્ગત શુક્રવારના રોજ કૉલેજના આચાર્ય ડૉ.સંજયકુમાર એમ.પટેલના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના કારણે સમગ્ર વિશ્વમાં જયારે પર્યાવરણ ઉપર ગંભીર અસરો જોવા મળી રહી છે ત્યારે પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષોનું જતન અને સંવર્ધન અત્યંત જરૂરી બને છે. જે અંગે કૉલેજના સ્વયંસેવકો જાગૃત બને અને એક જાગૃત નાગરિક તરીકે પર્યાવરણનું રક્ષણ કરી દેશ સેવામાં પોતાનું યોગદાન આપી શકે એ હેતુસર અત્રેની કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ દ્વારા આચાર્ય ડૉ.સંજયકુમાર એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કૉલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સમગ્ર કૉલેજ કેમ્પસમાં ફણસ, કાળા જાંબુ, દાડમ, જમરૂખ, આંબાની કલમ (રોપા), લીંબુ,ગુલમહોર જેવા ૨૦૫ વૃક્ષો રોપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ, પ્રોગ્રામ ઓફિસરો ડૉ.યોગેશ ટંડેલ,પ્રો. અમિત પટેલ,પ્રો. મેહુલ પટેલ અને ડૉ.મેઘના પટેલ સહિત ૫ ભાઈઓ અને ૨ બહેનો મળી કુલ ૭ સ્ટાફ મિત્રો તેમજ રાષ્ટ્રીય સેવા યોજનાના ૨૩ સ્વયંસેવકો અને ૬૧ સ્વયંસેવિકાઓ મળી કુલ ૮૪ સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# નાંધઈની પ્રાથમિક શાળાના બે વિદ્યાર્થીઓનો મેરીટમાં સમાવેશ





## તાલુકા કક્ષાએ સ્મિત પટેલ પ્રથમ તથા ક્રિશ પટેલ દ્વિતીય ક્રમાંકે

ખેરગામ, તા.૧૨

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ - ૨૦૨૪/૨૫ ના વર્ષમાં ધોરણ - ૬ ના બાળકો માટે પ્રાથમિક શિષ્યવૃત્તિની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં ખેરગામ તાલુકાના નાંધઈ પ્રાથમિક શાળાના બે બાળકોએ મેરીટમાં સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું.નાંધઈ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી સ્મિત નિલેશભાઇ પટેલે સમગ્ર ખેરગામ તાલુકામાં પ્રથમ સ્થાન મેળવી અનોખી સિધ્ધિ મેળવી છે. આજ શાળામાં અભ્યાસ કરતી ક્રિશા સંજયભાઇ પટેલે સમગ્ર ખેરગામ તાલુકામાં દ્વિતીય ક્રમાંક મેળવ્યો છે. નાંધઈ પ્રાથમિક શાળાના આ બંને બાળકોએ શિષ્યવૃત્તિની પરીક્ષામાં મેરીટમાં સ્થાન મેળવી શાળા માટે ખૂબ મોટી સિધ્ધિ મેળવી છે. આ બંને બાળકોને ખેરગામ તાલુકાના પ્રાથમિક શિક્ષણાધિકારી મનિષભાઈ, બીઆરસી, વિજયભાઇ શાળાના શિક્ષકો, શાળાના SMC ના સભ્યો અને ખેરગામ તાલુકાના શિક્ષકોએ ખુબ ખુબ શુભેચ્છા પાઠવી હતી.

# કાલે સીરવી સમાજ ભવનમાં સંત પ્રવર વિજ્ઞાન દેવજીની સ્વર્વેદ કથા

## રવિવારે સુરત ખાતે વિહંગમ યોગ સંત સમાજનો સમર્પણ દીપ આધ્યાત્મ મહોત્સવ

સુરત, તા.૧૨

વિહંગમ યોગ સંત સમાજ ના ૧૦૨ માં વાર્ષિક ઉત્સવ નિમિત્તે રાષ્ટ્રીય સ્તરે સમર્પણ દીપ આધ્યાત્મ મહોત્સવ યોજવામાં આવી રહ્યો છે તેમજ આત્મ જાગરણ થી રાષ્ટ્ર જાગરણ હેતુ કાશ્મીરથી કન્યાકુમારી સુધીની સ્વર્વેદ યાત્રા અંતર્ગત ગુજરાત વિહંગમ યોગ સંત સમાજ સુરત દ્વારા આવતીકાલે તારીખ ૧૩-૭-૨૦૨૫ના રવિવાર સીરવી સમાજ ભવન આઈમાતા ચોક ,પર્વત પાટિયા સુરત ખાતે સદગુરુ ઉત્તરાધિકારી તથા સંતપ્રવર વિજ્ઞાન દેવજી મહારાજની જય સ્વર્વેદ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશના ઉમરોહા, વારાણસી સ્થિત સ્વર્વેદ મહામંદિર ધામ ખાતે આગામી તા. ૨૫-૨૬ નવેમ્બર ૨૦૨૫ના રોજ ૨૫ હજાર કુંડીય સ્વર્વેદ જ્ઞાન મહાયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સ્વર્વેદ કથા તેમજ ૨૫૦૦૦ કુંડીય



સ્વર્વેદ જ્ઞાન મહાયજ્ઞમાં સહભાગી થવા સર્વ ધર્મ પ્રેમી શ્રદ્ધાળુઓને વિહંગમ યોગ સંત સમાજ ગુજરાત દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# બોગસ પગાર સ્લીપના કેસમાં ત્રણના આગોતરા જામીન મંજૂર

## બચાવ પક્ષના વકીલ રહીમ શેખની દલીલો માન્ય રાખતી કોર્ટ

સુરત, તા.૧૨

ખોટી પગાર સ્લીપ અને ખોટી એસકોમ કંપનીની એનઓસી બનાવીને સાચા તરીકે એસબીઆઈ બેંકમાં રજૂ કરી લોન મેળવવાના કૌભાંડમાં સંડોવાયેલા પાલિકાના બેલદાર સહિત ત્રણ આરોપીના આગોતરા જામીન સુરત કોર્ટે મંજુર કર્યા હતા. બચાવ પક્ષ તરફે વકીલ રહીમ શેખે કરેલી દલીલો કોર્ટે માન્ય રાખી હતી.

આ કેસની વિગત એવી છે કે, મજુરાગેટ એસ.બી.આઈ બેંકની શાખામાંથી હંસા મનહર સોલંકીએ ખોટી પગાર સ્લીપ તેમજ ખોટી એસકોમ કંપનીની એનઓસી બનાવી બેંકમાંથી રૂ.૬ લાખ અને રૂ.૧૩.૪૦ લાખની લોન મેળવી એસબીઆઈ બેંક સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આ કેસમાં પાલિકાના બેલદાર નિલેશ ઉત્તમ ગોહિલ(રહે.વેડરોડ) ઉપર હંસા સોલંકીને ખોટી પગાર સ્લીપ બનાવી આપી હોવાનો આરોપ હતો. તદુપરાંત હંસાનું સેવીંગ્સ એકાઉન્ટ ચેક કરતા તેણીના ખાતામાંથી ઈવેન્ટ મેનેજમેન્ટનો વેપાર કરતા પાર્થ સુરેશ ગોહિલ(રહે.અમરોલી કોસાડ) અને અંકિત નવીન ચૌધરીના ખાતામાં નાણાં ટ્રાન્સફર થયા હતા. ત્યારબાદ તેઓએ નાણાં ઉપાડ્યા હતા. પાર્થ અને અંકિત સામે ખોટી રીતે લોન લેવામાં હંસાની મદદ કરી હોવાનો આક્ષેપ હતો. આ કેસમાં પોલીસ પકડથી બચવા પાર્થ, અંકિત અને નિલેશે વકીલ રહીમ શેખ મારફતે સુરત કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. વકીલ રહીમ શેખે દલીલો કરી હતી કે, ફિરયાદના આક્ષેપો વંચાણે લેતા કોઈપણ જગ્યાએ પાર્થ અને અંકિતનુ નામ કે વર્ણન નથી. તેમજ કોઈ રોલ પણ નથી. પોલીસે પોતાની કામગીરી બતાવવા અને કેસની પૂર્તતા કરવા તેઓને આરોપી તરીકે સંડોવી દેવાની પોલીસ પેરવી કરી રહી છે. બેલદાર નિલેશ ગોહિલે પણ કોઈ ખોટી પગાર સ્લીપ કે ખોટા દસ્તાવેજો બનાવ્યા નથી. કોર્ટે વકીલ રહીમ શેખની દલીલો માન્ય રાખી ત્રણેય આરોપીઓના આગોતરા મંજુર કર્યા હતા.

ખાસ કરીને આ મુદ્દા પર ભાર મુક્તા વકીલ રહીમ શેખે તર્કબદ્ધ દલીલો કરી હતી કે, બેંકની જવાબદારી છે કે, તેઓએ રજુ દસ્તાવેજોની ખરાઇ કર્યા બાદ લોન સેકશન કરવાની હોય છે. પરંતુ આ કિસ્સામાં ફરીયાદી બેંક કર્મચારીના કથન મુજબ બેંકના કર્મચારી દ્વારા લોન સેકશન કરવા માટે પુરતી કાયદાકીય કાળજી રાખી ન હોવાનું જણાય છે.




# પ્રેસીડેન્સી સ્કૂલમાં હેલ્થ અવરનેસ પ્રોગ્રીમ યોજાયો

## શાળાની દીકરીઓ તથા તેમની માતાઓને આરોગ્ય સંબંધી માર્ગદર્શન અપાયું

સુરત, તા.૧૨

ન્યુ રાંદેરોડ સ્થિત પ્રેસીડન્સી સ્કૂલમાં દીકરીઓ તેઓની માતાઓ અને શિક્ષિકાબહેનો માટેનો એક 'હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ' યોજવામાં આવ્યો હતો. રાંદેરોડ સ્થિત Love & Care multi speciality hostital ના સુવિખ્યાત ગાયનેકોલોજીસ્ટ ડૉ. દિપ્તીબેન પટેલ, ડોક્ટર યામિની પટેલ અને ડૉ. જાગૃતિબેન દેસાઈએ ઉપસ્થિત રહી દીકરીઓને અને માતાઓને તથા શિક્ષિકાઓને હાજર તમામને આ ઉંમરથી વિશેષ જાગૃતિ રાખી, તંદુરસ્ત ભવિષ્ય માટે કઈ રીતે સાવચેત રહીને બિમારીના તબક્કાથી તેને અટકાવી શકાય ,આ બધી જ વાતો PPT પ્રેઝન્ટેશના માધ્યમથી ખૂબ સારી રીતે સમજાવી હતી. આ કાર્યક્રમમાં તમામ શિક્ષિકાબહેનો, હાજર વાલીબહેનો અને ધોરણ ૬ થી ૧૦ ની દીકરીઓને ઉદાહરણો દ્વારા સમજાવ્યું હતું. આચાર્યા કુ. દીપિકા શુક્લએ ત્રણેય ડોક્ટર્સનું પુષ્પગુચ્છ અને પુસ્તકથી સન્માન કરી, સુંદર કાર્યક્રમ થકી દીકરીઓને જાગૃતિ અંગે માર્ગદર્શન આપવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતા.

# આવતી કાલે ઓલપાડના આનંદ આશ્રમમાં ખેડૂતોની સભા મળશે

## પાવર ગ્રીડના અસરગ્રસ્ત ખેડૂતો લડતની રણનિતી નક્કી કરશે

સુરત, તા.૧૨

પાવરગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સુરત જીલ્લાના કામરેજ, પલસાણા, માંગરોળ, ઓલપાડ, બારડોલી વિગેરે તાલુકાના મોટાભાગના ગામડાંઓમાંથી ૭૬૫ કે.વી, ૪૦૦ કે.વી,૪૪૦ કે.વીની મહાકાય લાઈન પસાર થનાર છે હાલમા ઓલપાડ તાલુકાના કોબા, પારડી કોબા, ભાદોલ, કદરામા, એરથાણ, ટકારમા, કસાદ, મંદરોઈ, વડોલી, ઠોઠબ, સોંદામીઠા, ભટગામ, રાજનગર, (મહમદપોર) મોરથાણ, અટોદરા, ઓલપાડ, અછારણ, સાંધીયેર, સરસાણા, કણભી, માસમા, જાફરાબાદ, કુવાદ, સરસ, ઓરમા, અસનાડ, ઈસનપોર, કરમલા, ગોલા, આંધી, કુંભારી, નઘોઈ, સોંદલાખારા, દેલાસા, જીણોદ, કમરોલી, મીંઢી, મિરજાપોર, હાથીસા, અસનાડ, કરંજ, પારડી ઝાખરી, નેશ, વિહારા, પારડી ભાદોલી, ઉમરાછી, કંથરાજ, સિથાણ, અસ્નાબાદ,ગામડાંઓમાથી પસાર થનાર છે તે અંગેની ચર્ચા વિચારણા કરવા તથા આગળની રણનીતિ નકકી કરવા માટે તા.૧૩/૦૭/ ૨૦૨૫ ને રવિવાર બપોરે ૩.૦૦ કલાકે આનંદ આશ્રમ ભાદોલ તા.ઓલપાડ જી સુરત મુકામે તમામ ખેડૂતોને હાજર રહેવા જણાવાયું છે.

# ભુરખીયા મંદિરના જીર્ણોદ્ધાર અર્થે સુરત ખાતે સ્નેહ મિલન સમારંભ

## હનુમાન મંદિરના નવ નિર્માણ અર્થે સુરતમાંથી રા.૫.૬૫ કરોડનું દાન

સુરત, તા.૧૨



સૌરાષ્ટ્ર માં લાખો ભક્તજનો નું આસ્થા નું કેન્દ્ર ભુરખીયા હનુમાનજી ના જીર્ણોદ્ધાર માટે સુરત ખાતે સુદામા બેન્કવેટ હોલમાં સ્નેહમિલન સમારોહ યોજાયો હતો, આ કાર્યક્રમની શરૂઆત હનુમાનચાલીસા અને ૐકાર ના નાદ થી વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું, સમારોહ ને મહાનુભાવો ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શુકન કરવામાં આવ્યા. આ સમારોહમાં ટ્રસ્ટ ના પ્રમુખ દુષ્યંત પારેખ ( મુંબઈ) , ટ્રસ્ટી શ્રી હરજી નારોલા, કૌશિક પારેખ,જયેન્દ્ર પારેખ,હિંમત કટારીયા,અમરશી પરમાર,રમણીક સતાની ( અમદાવાદ), મનસુખ સોજીત્રા, ઘનશ્યામ રાણપરીયા,જયસુખ કાનાની, નરેન્દ્ર હીરપરા,ભવાન નવાપરા, પ્રકાશ ઘેવરીયા અને ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ટ્રસ્ટ ની વિગતનો ચિતાર પ્રમુખ શ્રી દુષ્યંત પારેખ અને ટ્રસ્ટી શ્રી હરજી નારોલા એ આપેલ, આ મંદિર ના નિર્માણ સાથે ભાવિક ભક્તો માટે રહેવાની અને જમવાની વ્યવસ્થા ઊભી કરવા આશરે ૪૦ કરોડ રૂપિયા નો ખર્ચ કરવામાં આવશે. સુરત ખાતે ૫.૬૫ કરોડ નો ફાળો એકત્રિત થયો હતો. આ સમારોહ ને સફળ બનાવવામાં જાણીતા શબ્દ સારથિ જીતુ મકવાણા એ મંચ સંચાલન કર્યું હતું. અંતે સહુ દાદા નો પ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.




# દાળીયા અને એંગ્લો ઉર્દૂ શાળામાં લોક અદાલત જાગૃતિ કાર્યક્રમ

## સ્કૂલના વિદ્યાર્થીઓ માટે સ્લોગન તથા ચિત્ર સ્પર્ધા યોજાઈ

સુરત, તા.૧૩

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરત દ્વારા શ્રીમતી એલ.એન.બી દાળિયા હાઈસ્કુલ અને એન્ગલો ઉર્દુ હાઈસ્કૂલમાં લોકઅદાલત જાગૃતિ કાર્યક્રમ યોજાયો. બાળકો લોકઅદાલત વિશે ઊંડાણમાં જાણી શકે તેના માટે લોકઅદાલત સ્લોગન અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું અને તેમને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. એડવોકેટ શ્રી ભરતભાઈ પંડિત દ્વારા લોકઅદાલતનાં લાભો સમજાવવામાં આવ્યા. મહિલા સુરક્ષા સમિતિ અને પેરા લીગલ વોલેન્ટિયર રોનકબેન ધ્રુવ દ્વારા ફ્રી લીગલ એડ ની સમજ આપવામાં આવી. શાળાનાં આચાર્ય શ્રી હિતેશભાઈ ભટ્ટ અને પઠાણ સાહેબનાં નેજા હેઠળ આખા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

# બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડશે

## સાપ્તાહિક ટ્રેનમાં તમામ પ્રકારના કોચ હશે

સુરત, તા.૧૨

પશ્ચિમ રેલ્વે બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવશે પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા અને વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને બાંદ્રા ટર્મિનસ અને અજમેર વચ્ચે ખાસ ભાડા પર સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક વિભાગ દ્વારા જારી કરાયેલી પ્રેસ રિલીઝ મુજબ, ખાસ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ ટ્રેન નં. ૦૯૬૨૨/ ૦૯૬૨૧ બાંદ્રા ટર્મિનસ-અજમેર સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ચ૨૪ ટ્રિપ્સ઼ઃ ટ્રેન નં. ૦૯૬૨૨ બાંદ્રા ટર્મિનસ-અજમેર સુપરફાસ્ટ સ્પેશિયલ દર સોમવારે બાંદ્રા ટર્મિનસથી સવારે ૯:૩૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૮:૫૦ વાગ્યે અજમેર પહોંચશે. આ ટ્રેન ૧૪ જુલાઈથી ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૬૨૧ અજમેર-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દર રવિવારે અજમેરથી સવારે ૦૬:૩૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૪:૧૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૧૩ જુલાઈથી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. આ

અનુસંધાન પાના ૭ પર

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા વિવિધ દેશોના જનરલો સાથે મિટીંગ

## દક્ષિણ ગુજરાત અને સંબંધિત દેશો વચ્ચે દ્વિપક્ષીય વ્યાપાર વધારવા પ્રયાસો




સુરત, તા.૧૨

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને SGCCI ગ્લોબલ કનેકટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટ સહિતના પ્રતિનિધિ મંડળે તા. ૨ અને ૩ જુલાઇ ૨૦૨૫ દરમ્યાન મુંબઇ ખાતે સ્વિટ્ઝર્લેન્ડ, તુર્કી, મેકિસકો, ઈજિપ્ત અને સાઈપ્રસના કોન્સુલ જનરલ સાથે મિટીંગો કરી સુરત સહિત દક્ષિણ ગુજરાત અને સંબંધિત દેશો વચ્ચેના દ્વિપક્ષીય વ્યાપારને વધારવા મહત્વની ચર્ચા વિચારણા કરી હતી.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આગામી તા. ૨૩થી ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે આયોજિત 'ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પો (GITE Expo)'ને માત્ર ભારતમાં જ નહી પણ વિશ્વભરમાં સાર્વત્રિક બનાવવાના હેતુથી વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સ્વિટ્ઝર્લેન્ડ, તુર્કી, મેકિસકો, ઈજિપ્ત અને સાઈપ્રસના બિઝનેસમેનો, રોકાણકારો તેમજ ટુરીઝમ ક્ષેત્રની સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકોને આ એક્ષ્પોમાં સક્રિય રીતે ભાગ લેવા માટે તેમજ તેની મુલાકાત લેવા માટે સંબંધિત કોન્સુલ જનરલને ચેમ્બરના પ્રતિનિધિ મંડળ તરફથી અનુરોધ કરવામાં આવ્યો હતો.

સૌપ્રથમ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે ૨ જુલાઈએ મુંબઇ સ્થિત રિપબ્લીક ઓફ સાઈપ્રસના ઓનરરી કોન્સુલ શ્રી વિરાજ કુલકર્ણી સાથે મિટીંગ કરી દક્ષિણ ગુજરાત અને સાઈપ્રસ વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવાના વિષયને લઈને ફળદાયી ચર્ચા કરવામાં આવી હતી. શ્રી કુલકર્ણી દ્વારા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના તાજેતરની સાઈપ્રસ મુલાકાતથી

અનુસંધાન પાના ૭ પર





# આ છે તમારી ત્વચાનો ઓલરાઉન્ડર રખેવાળ વનસ્પતિ એક ફાયદા અનેક!

ચહેરો સાફ કરવા માટે બજારમાં જાતજાતના ફેસવોશ ઉપલબ્ધ છે. એક સમય એવો પણ હતો જ્યારે નાહવા, વાળ ધોવા અને મોઢું ધોવા એક જ સાબુ વપરાતો હતો. તેનાથી પણ પહેલાં લોકો કુદરતી તત્ત્વોનો ભરપૂર ઉપયોગ કરતાં હતાં. આજે પણ આ કુદરતી ઉપાયો આપણી આસપાસ ઉપલબ્ધ છે. મલ્ટિનેશનલ કંપનીઓ તેમના મોંઘાદાટ ઉત્પાદનોમાં આ જ તત્ત્વોના અર્ક હોવાનો દાવો કરીને આપણા ખિસ્સા ખંખેરે છે.આવી જ એક વનસ્પતિ, જેને આયુર્વેદ પણ એના ઔષધીય તત્ત્વોને માન્યતા આપે છે અને એ છે કડવો લીમડો.આ કડવા લીમડાના ઔષધીય ગુણોના કારણે તેના બહુવિધ ઉપયોગ આપણે ત્યાં પેઢીઓથી થતા આવ્યા છે. આવો જ એક ઉપાય છે તેને ફેસવોશ તરીકે વાપરવાનો.આવો, જાણીએ કે કેવી રીતે કડવા લીમડાને અન્ય કુદરતી પદાર્થો સાથે સંયોજિત કરીને ચહેરાને સ્વચ્છ અને સ્વસ્થ રાખી શકીએ.

લીમડો ખીલ, ફોલ્લા અને ડાઘ દૂર કરવામાં અસરકારક છે. તે ત્વચા સંબંધિત ઘણી અન્ય સમસ્યાઓ પણ દૂર કરે છે. તેમાં બળતરા વિરોધી ગુણધર્મો છે. એ વધારાનું તેલ શોષી લે છે અને તૈલી ત્વચાથી છુટકારો અપાવે છે. લીમડો ત્વચાને ચમકદાર બનાવે છે. જોકે ઘણા લોકો ચહેરા પર લીમડાનો ફેસ પેક લગાવે છે, પરંતુ તમે ઇચ્છો તો લીમડાના પાણીથી પણ તમારો ચહેરો ધોઈ શકો છો.

## લીમડાના પાનનું પાણી

લીમડાના પાનને પાણીમાં ઉકાળીને તમારો ચહેરો ધોઈ શકો છો. આ માટે, ૨-૩ કપ પાણી લો. તેમાં ૧૦-૧૫ લીમડાના પાન ઉમેરો. હવે પાણી અડધું થઈ જાય ત્યાં સુધી ઉકાળો. આ પાણીને થોડું સામાન્ય થવા દો. પછી તમે આ પાણીથી તમારો ચહેરો ધોઈ શકો છો. લીમડાના પાનથી ચહેરો ધોવાથી ખીલ અને ત્વચા પરના ડાઘ દૂર થાય છે. આંખોમાં એલર્જી હોય ત્યારે પણ લીમડાના પાણીથી સાફ કરવાથી ફાયદો થાય છે.

## લીમડા ને તુલસીના પાન

તમે લીમડા અને એની સાથે તુલસીના પાનનેય પાણીમાં ઉકાળીને પણ તમારો ચહેરો ધોઈ શકો છો. આ માટે, પાણી લો અને તેમાં લીમડા અને તુલસીના પાન ઉમેરો. પછી એને ઉકાળો. પાણી સામાન્ય થાય પછી એ પાણીથી તમારા ચહેરાને ધોઈ શકો છો. તેમાં રહેલા એન્ટિ-બેક્ટેરિયલ અને એન્ટિ-ઇન્ફ્લેમેટરી ગુણ ત્વચાને બેક્ટેરિયા વગેરેથી બચાવે છે.

ખીલની સમસ્યામાં પણ તેનાથી રાહત મળે છે.

## લીમડો ને એલોવેરા

લીમડાના પાણીમાં એલોવેરા (કુંવારપાઠું) જેલ મિક્સ કરીને પણ ચહેરો ધોઈ શકો છો. આ માટે લીમડાના પાણીમાં એલોવેરા જેલ ઉમેરો અને પછી પેસ્ટને ચહેરા પર લગાવો. અડધા કલાક પછી ત્વચાને સાદા પાણીથી ધોઈ લો. એલોવેરા ત્વચાને મોઇશ્ચરાઇઝ કરે છે. તે ખીલની સમસ્યામાં રાહત આપે છે. ઉપરાંત, તે ચહેરાના સોજાને ઘટાડે છે.

આમ લીમડો માત્ર ચહેરો સાફ કરવા નહીં, નાહવા માટે પણ ઉત્તમ છે. લીમડાનું સંસ્કૃત નામ 'નિમ્બા' છે, જેનો અર્થ 'સારું સ્વાસ્થ્ય' થાય છે.

આયુર્વેદ અનુસાર, જ્યારે પણ હવામાનમાં થોડો ફેરફાર થાય છે, ત્યારે તમારે ચોક્કસપણે લીમડાના પાણીમાં સ્નાન કરવું જોઈએ, જેથી તમે રોગોથી બચી શકો. ઋતુ પરિવર્તનના સમયે ઘણી બીમારીઓ ફેલાય છે અને આપણી રોગપ્રતિકારકશક્તિ પણ સામાન્ય રીતે નબળી પડી જાય છે તેથી જો તમે પાણીમાં લીમડાના પાન ઉમેરીને સ્નાન કરો તો તમે બીમારીથી સુરક્ષિત રહી શકો છો.



નાહવા માટે પણ રીત બહુ સહેલી છે. લીમડાના પાનને ગરમ પાણીમાં થોડો સમય રહેવા દો, જેથી તે પાણીમાં થોડા ઘોળાઈ જાય. ત્યાર બાદ પાંદડા હટાવીને તે પાણીથી સ્નાન કરી શકો છો. શરીરમાંથી આવતી વાસને દૂર કરવાનો પણ આ પ્રાકૃતિક ઉપાય છે.

શિયાળાની ઋતુમાં, ટોપી વગેરે પહેરવાને કારણે ઘણા લોકોને વાળ ખરવાની સમસ્યાનો સામનો કરવો પડે છે. જો તમે ઉનાળાની ઋતુથી શિયાળાની ઋતુમાં બદલાવ દરમિયાન લીમડાના પાણીથી માથું ધોશો તો તમે ખોડાથી છુટકારો મેળવી શકો છો.

# કચ્છીમાં રૂઢિપ્રયોગ એ સિદ્ધિપ્રયોગ ગણાય છે

ચોવકની માફક કચ્છીમાં રૂઢિપ્રયોગો પણ કચ્છી પ્રજાની બોલચાલમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સમીક્ષકો તો એટલે સુધી કહે છે કે, રૂઢિપ્રયોગો તો એક દિવ્ય જ્યોતિનું મંદિર છે. તેની એક પણ ઈંટ આઘીપાછી ન કરી શકાય. વળી, એ 'સિદ્ધપ્રયોગ' કે 'સાધુપ્રયોગ' તરીકે પણ ઓળખાય છે.

ચોવકોનું એવું છે કે, તેનો અર્થ બીજા કોઈ માધ્યમ કે વાક્યની સહાયતા વગર જ સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે વ્યક્ત થતો હોય છે, જ્યારે રૂઢિપ્રયોગમાંના અર્થ સ્વતંત્ર રીતે સ્પષ્ટ થતા નથી. લો, જુઓ આ ઉદાહરણ: 'ઔંકાર નુરી પોણું' એટલે કે ખમીર હણાઈ જવું, કે અભિમાન ઊતરી જવું. હવે આને કોઈ વાક્યમાં નહીં નિરુપાય ત્યાં સુધી અર્થ સ્પષ્ટ નહીં થાય. હવે વાક્યમાં તેનો પ્રયોગ જોઈએ: 'એન જા કરમ એડા વાને અભેમાન બોરો વો, આખર એન જો ઔંકાર જુરી પ્યો!' અર્થાત્ તેનાં કરમ (ભાગ્ય/કર્મ) એવાં હતાં અને અભિમાન પણ બહુ જ હતું, આખરે તેનું અભિમાન ઊતરી ગયું.

કચ્છીમાં વપરાતા રૂઢિપ્રયોગોના વિકાસ અને ઉત્પત્તિમાં ફાળો આપનાર પરિબળો તથા તેના ઉદાહરણરૂપ પ્રયોગો જોઈએ તો, સાદશ્યતાનું ઉદાહરણ છે: 'અકજી કાઠી' 'અક' એટલે આકડો અને 'કાઠી' એટલે લાકડી. આકડાની લાકડી અંદરથી પોલી હોય છે. એટલે 'અકજી કાઠી'નો અર્થ થાય છે: અંદરથી પોલી (વ્યક્તિ કે વસ્તુ)!

તેમાં પણ પાછું, પ્રતીકાત્મક ઉદાહરણ જોઈએ તો પણ ભાવાર્થ થાય છે: ઘડાયા વગરનું અથવા બિનઅનુભવી. ગુજરાતીમાં એમ કહી શકાય કે 'એ અણચિંધ્યા મોતી' જેવો જણ છે, એટલે કે બિનઅનુભવી છે.

વ્યંગાત્મક રૂઢિપ્રયોગનું કચ્છી ભાષામાં સારું ચલણ છે. ઉદાહરણ તરીકે 'ઈસ્ક્રૂ ઢીલા થીણા' શબ્દાર્થ સ્પષ્ટ છે કે, સ્ક્રૂ ઢીલાં થવાં! પણ વપરાય છે ત્યારે ભાવ એવો હોય છે કે: બુદ્ધિબળ ઓછું હોવું કે પછી મગજ અસ્થિર હોવું. સમાન અર્થ ધરાવતો બીજો પણ એક રસપ્રદ પ્રયોગ છે: 'અકલ જો ઠાં' એટલે કે સાવ અક્કલ વગરનો!

અતિ અભિમાની વ્યક્તિને સંબોધીને કચ્છીમાં એમ કહેવાય છે કે, 'આફરો અચી વ્યો આય' પશુઓ જ્યારે વધારે પડતો આહાર લે ત્યારે સામાન્ય રીતે એવું કહેવાય કે, આફરો ચઢયો છે! તેના પરથી સુખમાં કે પૈસાથી છકી ગયેલા લોકો માટે આ રૂઢિપ્રયોગ પ્રચલિત થયો છે.

રૂઢિપ્રયોગ ત્યાં સ્વત: પ્રસ્ફુરિત થાય છે, જ્યાં કોઈ કારણવશ કોઈ વ્યક્તિ પર કટાક્ષ કરવો હોય કે વ્યંગબાણ ચલાવવાં હોયપ ત્યારે વ્યક્તિના મોઢેથી નીકળેલા શબ્દો માર્મિક બનાવે છે. ઉદાહરણ છે: 'ચાવી વિંજાઈ વિજણી' મતલબ કે પાગલ થઈ જવું.

ખુમારીની વાત આવે એટલે કચ્છી માડુનું ઉદાહરણ અપાતું હોય છે. આવી ખુમારીનું મહત્ત્વ દર્શાવતી એક સુંદર ચોવક છે: 'હજાર વિંજાઈ જે પ હાલ ન વિંજાઈ જે' શબ્દાર્થ એવો છે કે, હજારો (રૂપિયા) ગુમાવજો પણ ખુમારી કાયમ રાખજો. ભાવાર્થ પણ બહુ સ્પષ્ટ છે: કોઈપણ ભોગે પોતાની ખુમારી ટકાવી રાખવી.

આપણા સૌનો એક સમાન અનુભવ રહ્યો છે કે, ઘણા લોકોને દૂધમાંથી ફોરા (ગુજરાતી કહેવત) કાઢવાની આદત હોય છે. એ લોકો દરેક કામમાં ભૂલો કાઢવાની દોષદૃષ્ટિ ધરાવતા હોય છે. એ સતત વાંકું જ બોલે. વ્યંગ તો તેમના વ્યંજનમાં વણાઈ ગયો હોય તેવું લાગે! તેમના માટે કચ્છીમાં એમ કહેવાય છે કે: 'કંધ મિંજા કુછણું' 'કંધ' એટલે કાંધ, 'મિંજા' એટલે 'માંથી' કે અંદરથી 'કુછણું' એટલે બોલવું! બહુ મર્મસ્પર્શી પ્રયોગ છે.

# આધુનિક યુદ્ધમાં ખરું 'ડોન' તો છે ડ્રોન!

હાલ રશિયા અને યુક્રેન વચ્ચેના ચાલુ યુદ્ધમાં સાબિત થયું કે ડ્રોનનું કેટલું મહત્ત્વ છે. યુક્રેનના 'સ્પાઈડર વેબ ઓપરેશને' તો આખા વિશ્વને ચોંકાવી દીધું છે. યુક્રેને તેના ફર્સ્ટ પર્સન વ્યૂ ડ્રોન વડે હજારો કિલોમીટર દૂર રશિયન બોમ્બરને લક્ષ્ય બનાવ્યા. યુક્રેન તો દાવો કરે છે કે અમે રશિયાના અણુશનું વહન કરી શકે એવા ૪૦ બોમ્બરનો ખુરદો બોલાવી દીધો. છે. રશિયાને આને લીધે આઠ અબજ ડૉલરનું નુકસાન થયું છે. આ હુમલા દ્વારા યુક્રેને યુદ્ધની ટેક્નિક જ પલટાવી નાખી છે. હવે તો યુદ્ધમાં ફાઈટર જેટ કરતાં ડ્રોન વધુ મહત્ત્વના બની ગયા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના મિની યુદ્ધમાં પણ ડ્રોનનું મહત્ત્વ સમજાયું હતું. પાકિસ્તાને તુર્કી બનાવટના ડ્રોન વડે ભારતનાં વિવિધ શહેરો પર હુમલો કરવાના પ્રયાસ કર્યા તો ખરા, પરંતુ ભારતે રશિયા પાસેથી ખરીદેલી એસ ૪૦૦ સિસ્ટમે બધા ડ્રોનને નિષ્ક્રિય બનાવી દીધા હતા. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં પણ ડ્રોનનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઈરાન પાસે તો ફાઈટર પ્લેન નથી. એણે તો ડ્રોન અને મિસાઈલના હુમલા કરીને ઈઝરાયલને પ્રચંડ નુકસાન પહોંચાડ્યું. ઈરાને ઈઝરાયલની ત્રીસ્તરીય ડિફેન્સ સિસ્ટમને ભેદવા અને ચાતરવા ડ્રોનનો અસરકારક ઉપયોગ કર્યો. ઈરાનના છોડેલા ડ્રોનને નકામા બનાવવામાં ઈઝરાયલની ડિફેન્સ સિસ્ટમ કાર્યરત હતી ત્યારે ઈરાનની મિસાઈલો સિસ્ટમને થાપ દઈને લક્ષ્યો ભેદ્યાં હતા.આજના યુદ્ધમાં સર્વવ્યાપી ડ્રોન બહુ ઝડપથી ફેવરિટ હથિયાર બનતું જાય છે. ડ્રોનને યુએવી (અનમેન્ડ એરિયલ વેહિકલ) નામે ઓળખવામાં આવે છે. આ માનવરહિત હવાઈ વાહનોએ યુદ્ધની રૂપરેખા જ બદલાવી દીધી છે.૨૦૨૦માં નાગોર્નો-કારાબખ યુદ્ધમાં પહેલી વાર પ્રતીત થયું કે ડ્રોન કઈ રીતે હવાઈ યુદ્ધનો પ્રકાર બદલાવી શકે છે. અઝરબૈજાનની સફળતાનું કારણ એર ડિફેન્સ સિસ્ટમનો નાશ કરનારા ઈઝરાયલ દ્વારા ઉત્પાદિત હારોપ ડ્રોન હતા. રશિયા સામે યુક્રેન ત્રણ વર્ષથી વધારે સમયથી યુદ્ધ કરીને ટકી રહ્યું છે તેનું કારણ ડ્રોન છે. તેના ડ્રોન રશિયાથી ચડિયાતા છે. રશિયા ઈરાનના ડ્રોન થોડા સુધારા કરીને વાપરે છે.ડ્રોનના ત્રણ મુખ્ય કામ ઈન્ટેલિજન્સ મેળવવાનું, દુશ્મન દેશના લશ્કર પર નજર રાખવાનું અને હુમલો કરવાનું છે.અમેરિકાના 'એમ ક્યુ-૯ રેપર' કે પછી યુક્રેનના 'એફપીવી' ડ્રોન બોમ્બ કે મિસાઈલ વડે નિર્ધારિત લક્ષ્યને ચોકસાઈભરી રીતે ભેદી શકે છે. માનવ સંચાલિત ફાઈટર વિમાન કે પરંપરાગત વેપન સિસ્ટમ કરતાં ડ્રોન ઘણા સસ્તા છે. દાખલા તરીકે ૭૦૦ અમેરિકન ડૉલરનું એક ડ્રોન બે કરોડ ડૉલરની ટેન્કનો નાશ કરી શકે છે. ડ્રોન ઓછી અને બહુ આધુનિક યુદ્ધ સામગ્રી ન ધરાવતા નાના દેશોને ડ્રોન લેવલ પ્લેયિંગ ફિલ્ડ પૂરું પાડે છે. ડ્રોનનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક વોરફેરમાં પણ થાય છે. એ દુશ્મન દેશની સંદેશવ્યવહાર સિસ્ટમને જામ કરી શકે છે અથવા તો દુશ્મન દેશના અંતરિયાળ ભાગમાં હુમલા કરીને તેનામાં ફફડાટ—ડર ઊભો કરી શકે છે. દાખલા તરીકે યુક્રેનના નેવલ ડ્રોને બ્લેક સીમાં રશિયન જહાજ પર હુમલો કર્યો હતો. યુક્રેનના લાંબા અંતરના ડ્રોન રશિયાના ઓઈલ રિફાઈનરી પર હુમલો કર્યો..ડ્રોન લોજિકલ સપોર્ટ પણ આપે છે. હવે અમેરિકા અને ચીન તો આમાં પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ છેંનો ઉપયોગ કરે છે. આ બન્ને દેશ છેંથી ચાલતા એવો ડ્રોનનો સમૂહ બનાવે છે જે ફાઈટર જેટને પણ ઉડાવી દે. વિશ્વના સૌથી ધનિક બિઝનેસમેન એલન મસ્ક કહે છે કે અમેરિકાના કરોડો રૂપિયાના એફ-૩૫ નિરર્થક છે. મસ્ક કહે છે ડ્રોનની સરખામણીએ તો એ બધા કાટમાળ જેવા છે. ડ્રોનનો સમૂહ તેને ખતમ કરી શકે.બાજી તરફ, ચીને તો મચ્છર જેટલા નાના કદના ડ્રોન બનાવ્યા છે. તેની લંબાઈ બે સેન્ટિમીટરની છે. તેનું વજન ૦.૩ ગ્રામનું છે. એમાં કેમેરા, માઈક્રોફોન, સેન્સર, ઓડિયો રેકોર્ડિંગ અને ઈલેક્ટ્રોનિક સિગ્નલ કનેકશન છે.ડ્રોન બનાવવાની ટેકનિકમાં અમેરિકા, ચીન, તુર્કી અને ઈઝરાયલ આગળ છે.અમેરિકા અને ઈઝરાયલના ડ્રોન મોંઘાં છે, જ્યારે ચીન અને તુર્કીના ડ્રોન સસ્તાં છે. ઈઝરાયલના હારોપ ડ્રોનનું ઉત્પાદન ભારતમાં કરવાનું છે. ભારત પાસે પણ મિની ડ્રોન છે તો રશિયા તો તેના ડ્રોનને સુધારવા તેને ઉપગ્રહ સાથે લિન્ક કરવાનું છે. રશિયા અને ચીન પાસે શત્રુના ઉપગ્રહનો નાશ કરે એવા ઉપગ્રહ છે.





# દલાલ સ્ટ્રીટમાંથી અમેરિકાની જેન સ્ટ્રીટ કઇ રીતે કમાઈ બાર હજારના લાખ!

બજાર નિયામક 'સેબી' અનુસાર અમેરિકા સ્થિત જેન સ્ટ્રીટે ભારતીય બજારોમાં ગોલમાલ કરીને રૂ. ૩૬,૦૦૦ કરોડથી વધુનો ગેરકાયદેસર નફો મેળવ્યો છે! કંપની આરોપને ખોટો લેખાવી આદેશને પડકારવાની તૈયારી કરી રહી છે. રિસર્ચ રિપોર્ટ અનુસાર એફએન્ડઓના રિટેલ ટ્રેડર્સનુ કુલ ચોખ્ખું નુકસાન નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૭૫,૦૦૦ કરોડથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૫માં ચિંતાજનક રીતે રૂ. ૧.૦૫ લાખ કરોડ સુધી પહોંચ્યું છે.કહેવાય છે કે શેરબજારમાં લાખના બાર હજાર થવામાં વાર નથી લાગતી! જોકે અહી શીર્ષકમાં કહેવત ભૂલથી ખોટી નથી લખાઇ, હા ઊંધી જરૂર લખી છે. કારણ કે બજાર નિયામક સેબી અનુસાર અમેરિકન કંપનીએ આ જ કામ કરીને ભારતીય શેરબજારમાંથી રૂ. ૩૬૦૦૦ કરોડથી વધુનો નફો લૂટી લીધો છે. ડિસેમ્બર ૨૦૨૦માં ભારતમાં કામગીરી શરૂ કરનારી યુએસ ટ્રેડિંગ કંપની જેન સ્ટ્રીટ જાન્યુઆરી ૨૦૨૩થી માર્ચ ૨૦૨૫ દરમિયાન તેના ભારતના વેપારમાં કથિત જંગી હેરાફેરી કરીને રૂ. ૩૬,૬૭૧ કરોડ કમાઇ હોવાનું કહેવાય છે!

મૂડીબજાર નિયમનકાર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ જેન સ્ટ્રીટને ભારતમાં સિક્યોરિટીઝના વ્યવહારો કરવા પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂક્વા સાથે તેને ગેરકાયદેસર લાભના રૂ. ૪,૮૪૩ કરોડને એસ્ક્રો એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો છે. સેબી દ્વારા જેન સ્ટ્રીટ અને તેની સંબંધિત સંસ્થાઓ પર ભારતીય ડેરિવેટિઝ બજારોમાં ચાલાકી કરવા માટે બે મુખ્ય વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવાનો અને બે વર્ષના સમયગાળામાં રૂ. ૩૬,૬૭૧ કરોડના ગેરકાયદેસર લાભ એકઠા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

૨૦૦૦માં સ્થાપિત, જેન સ્ટ્રીટ ગ્રુપ એલએલસી નાણાકીય સેવાઓ ઉદ્યોગમાં એક વૈશ્વિક માલિકીની ટ્રેડિંગ ફર્મ છે. તે યુએસ, યુરોપ અને એશિયામાં પાંચ ઓફિસોમાં ૨,૬૦૦થી વધુ કર્મચારી ધરાવે છે અને ૪૫ દેશોમાં ટ્રેડિંગ કામગીરી કરે છે.

આવો જાણીએ કે માર્કેટ રેગ્યુલેટરની તપાસ અનુસાર જેન સ્ટ્રીટે ભારતીય ડેરિવેટિઝ બજારોમાં કેવી રીતે અને ક્યાં ચાલાકી કરી? જેન સ્ટ્રીટ ગ્રુપ પર ગેરકાયદેસર નફો મેળવવા માટે મુખ્યત્વે અત્યંત પ્રવાહી બેંક નિફ્ટી અને નિફ્ટી ઇન્ડેક્સ ઓપ્શન સેગમેન્ટ દ્વારા શેરબજારમાં ઇન્ડેક્સ સ્તરોમાં કૃત્રિમ ખલેલ પહોંચાડવા ચાલાકી કરવાનો આરોપ મુકાયો છે.

જેન સ્ટ્રીટ અને તેની સંબંધિત સંસ્થાઓ પર




બે વર્ષના સમયગાળામાં રૂ. ૩૬,૬૭૧ કરોડનો ગેરકાયદેસર નફો મેળવવા માટે બે મુખ્ય વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવાનો આરોપ છે. સેબી દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું છે કે જાન્યુઆરી ૨૦૨૩ અને મે ૨૦૨૫ વચ્ચે ૨૧ સમાપ્તિ એક્સપાયરી ડેઝમાં, જૂથે ઇન્ડેક્સની ગતિવિધિઓને પ્રભાવિત કરવા અને ઓપ્શન્સ માર્કેટમાં મોટી પોઝિશનમાંથી નફો મેળવવા માટે કર્યા હતા.

બે મુખ્ય વ્યૂહરચના ઓળખવામાં આવી છે, જેમાં એકમાં સવારે બેંક નિફ્ટી સ્ટોક્સ અને ફ્યુચર્સમાંથી ભારે ખરીદી અને બપોરે કલોઝિંગ નીચા મથાળે લાવવા માટે આક્રમક રીતે વેચાણ કરવાનો સમાવેશ થતો હતો.

જ્યારે બીજી ગેરરીતિમાં ઇન્ડેક્સ સ્તરોને પ્રભાવિત કરવા માટે એક્સપાયરી ડેઝના છેલ્લા બે કલાકમાં વેચાણ અથવા ખરીદીનું પર ફોક્સ કરવામાં આવ્યું હતું. આ પ્રકારના સોદાઓથી જૂથને લગભગ રૂ. ૪,૮૪૩ કરોડનો ગેરકાયદેસર નફો મેળવવામાં મદદ મળી હતી, જ્યારે રોકડ અને ફ્યુચર્સ ટ્રેડમાં તેમને તુલનાત્મક રીતે ઓછું નુકસાન થયું હોવાનું નિયમનકારે જણાવ્યું હતું.સેબીએ એ પણ નોંધ્યું છે કે જાન્યુઆરી ૨૦૨૩ અને માર્ચ ૨૦૨૫ વચ્ચે, જેએસ ગ્રુપે બજારના વિવિધ સેગમેન્ટમાં નોંધપાત્ર ટ્રેડિંગ પ્રવૃત્તિ રેકોર્ડ કરી હતી. ગ્રુપે ઇન્ડેક્સ ઓપ્શન્સ ટ્રેડિંગથી રૂ. ૪૪,૩૫૮ કરોડનો નફો મેળવ્યો, જે તેમના નફાનો મોટો ભાગ હતો. જોકે, આ નુક્સાન સ્ટોક ફ્યુચર્સમાં રૂ. ૭,૨૦૮ કરોડ, ઇન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૯૧ કરોડ અને કેશ માર્કેટમાં રૂ. ૨૮૮ કરોડના નુક્સાન દ્વારા સરભર કરવામાં આવ્યું હતું.

સેબીએ નોંધ્યું હતું કે, બધા નફા અને નુકસાનનો હિસાબ કર્યા પછી, જેએસ ગ્રુપે આ સમયગાળા દરમિયાન રૂ. ૩૬,૬૭૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એ નોંધવામાં આવ્યું હતું કે ચાર એન્ટિટી, (જેમાં જેએસઆઈ ઇન્વેસ્ટમેન્ટ્સ, જેએસઆઈ૨ ઇન્વેસ્ટમેન્ટ્સ પ્રા. લિ., જેન સ્ટ્રીટ સિંગાપોર પ્રા. લિ. અને જેન સ્ટ્રીટ એશિયા ટ્રેડિંગનો સમાવેશ છે.) જેને સામૂહિક રીતે જેન સ્ટ્રીટ ગ્રુપ તરીકે ઓળખવામાં આવે છે, તે આવી માર્કેટ હેરાફેરી કરવામાં સામેલ હતા.આ કેસમાં સામેલ ચાર એન્ટિટીમાંથી, બે એન્ટિટી, જેન સ્ટ્રીટ સિંગાપોર પ્રા. લિ. અને જેન સ્ટ્રીટ એશિયા ટ્રેડિંગ લિ. અનુક્રમે સિંગાપોર અને હોંગકોંગમાં સ્થાપિત રજિસ્ટર્ડ એફપીઆઇ છે.મુંબઈ સ્થિત જેએસઆઇ ઇન્વેસ્ટમેન્ટ્સ, ડિસેમ્બર ૨૦૨૦માં ભારતમાં સામેલ કરવામાં આવ્યું હતું. તે સંપૂર્ણપણે જેન સ્ટ્રીટ યુરોપ લિમિટેડની માલિકીની હતી, જે યુકેમાં સ્થાપિત કંપની હતી. જેએસઆઇ૨ ઇન્વેસ્ટમેન્ટ્સ સપ્ટેમ્બર ૨૦૨૪માં ભારતમાં સ્થાપિત થયું હતું અને મુંબઈમાં સ્થિત હતું, તે સંપૂર્ણપણે જેએસઆઇ ઇન્વેસ્ટમેન્ટ્સની માલિકીની હતી.સેબીએ જણાવ્યું હતું કે, એવું લાગે છે કે ભારતમાં જેએસઆઇ ઇન્વેસ્ટમેન્ટ્સ પ્રાઇવેટ લિમિટેડના સમાવેશથી જેએસ ગ્રુપને ઇન્ટ્રાડે કેશ માર્કેટ ટ્રાન્ઝેકશન કરતા ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સ સામેના એફપીઆઇ નિયમોમાં નિયમનકારી પ્રતિબંધની આસપાસ કામ કરવામાં સક્ષમ બનાવ્યું, અને આમ એફપીઆઇ નિયમોના ખાસ ઉલ્લંઘન કર્યા વિના મેનિપ્યુલેટિવ સ્કીમનો અમલ કરવામાં આવ્યો હતો.

તંત્રી લેખ...-

શનિવાર, તા.૧૨ જુલાઈ ૨૦૨૫

## ચૂંટણી વિવાદમાં બ્રેક : પંચ અને વિપક્ષને રાહત

ચૂંટણીપંચની નિષ્પક્ષતા અને કાર્યદક્ષતા સામે વિપક્ષી નેતાઓએ હંમેશાં શંકાની આંગળી ચીંધી છે અને આક્ષેપો કર્યા છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મતદારોની સંખ્યા, ટકાવારીમાં વધારો કેમ થયો? એવા પ્રશ્નનો જવાબ-ખુલાસો મળી ગયા પછી પણ વિપક્ષને સંતોષકારક જણાયો નથી અને જાહેરસભાઓમાં જૂના આક્ષેપો થયા કરે છે. મતદાતાઓની ઓળખ માટે વપરાતી શાહીથી લઈને વોટિંગ મશીન બાબત આક્ષેપો થયા છે. આ શ્રેણીમાં બિહારનો ઉમેરો થયો છે! બિહાર વિધાનસભાની ચૂંટણી વર્ષાંતે થનારી છે, ત્યારે ચૂંટણીપંચે મતદારોની યાદીની તાત્કાલિક ફેરતપાસ શરૂ કરવાની જાહેરાત કરી અને નામ નોંધાવવા માટે અથવા તો યાદીમાં નામ નોંધાયાની ખાતરી કરવા માટે ૧૧ દસ્તાવેજી પુરાવા માગ્યા છે. ચૂંટણી માથાં ઉપર ગાજે છે, ત્યારે આ ચકાસણી પ્રક્રિયા પૂરી થશે નહીં અને લાખ્ખો નહીં - કરોડો મતદારો મતાધિકારથી વંચિત રહેશે - ભાજપ સરકારનું આ કાવતરું હોવાનો આક્ષેપ વિપક્ષોએ કર્યો અને મતદારયાદીની ચકાસણી રદ કરવાની માગણી સુપ્રીમ કોર્ટ સમક્ષ મૂકી છે. સુપ્રીમ કોર્ટે ફરિયાદ પક્ષના ધુરંધર વકીલો અને ચૂંટણીપંચને સાંભળ્યા પછી યાદીની ચકાસણી રદ કરવાની માગણી સ્વીકારી નથી, પણ ચૂંટણીપંચ સમક્ષ કેટલાક પ્રશ્નો મૂકીને ખુલાસા માગ્યા છે. જનપ્રતિનિધિ કાનૂન અને સંવિધાને ચૂંટણીપંચને આપેલી સત્તા-અધિકાર હેઠળ મતદારોની યાદી ફેરતપાસ થઈ શકે છે. કોઈનો મતાધિકાર ગેરકાયદે છીનવી લેવાય નહીં, તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. ભારતમાં મતાધિકાર કાનૂની છે. મૂળભૂત અધિકારોમાં સામેલ નથી, છતાં લોકતંત્રમાં પવિત્ર અધિકાર છે. ભારતીય પ્રજાસત્તાકને ટકાવી રાખવા માટે અનિવાર્ય છે, તેથી કોઈનો મતાધિકાર ગેરકાનૂની રીતે રદ થાય નહીં તે જોવાની ફરજ પંચની અને સુપ્રીમ કોર્ટની છે. બિહારમાં આ વિવાદ જાગ્યો. કારણ કે, મતદારયાદીમાં ઘણાં નામ-ઉમેરાયાં છે અને મતદાતાની પૂરી તપાસ થઈ નથી. છેલ્લી ચૂંટણીની સરખામણીમાં આ વખતે સંખ્યા વધી હોય તે સ્વાભાવિક છે, પણ કાયદેસર છે કે નહીં તેની તપાસ શરૂ થઈ એટલે વિપક્ષનો વિરોધ છે. પ્રશ્ન એ છે કે, શું વિપક્ષને શંકા કે ડર છે કે, ગેરકાયદે યાદીમાં નોંધાવાયેલાં નામ હવે પુરાવાના અધારે નાબૂદ થશે? મતદાતાઓની યાદી ચકાસવા માટે પૂરતો સમય નથી અને ઘણા મતદારોનાં નામ રહી જશે એવી ફરિયાદમાં વજૂદ છે. સુપ્રીમ કોર્ટે પણ આ પ્રશ્ન પૂછ્યો છે. પંચે સંતોષકારક કામગીરી અને પરિણામની ખાતરી આપવી પડશે.આધારકાર્ડ, રાશનકાર્ડ અને જૂના મતદારકાર્ડ હોય તો સ્વીકારાય કેમ નહીં? એવો પ્રશ્ન સુપ્રીમ કોર્ટનો છે. પંચનો જવાબ છે કે, આધારકાર્ડ રહેઠાણનો પુરાવો છે, નાગરિકત્વનો નહીં, આ દલીલ સ્વીકાર્ય નથી, પણ વાસ્તવિક્તા એ છે કે, રાજકીય પક્ષો અને અન્ય રાષ્ટ્રહિત વિરોધી લોકો બનાવટી ફરજી આધારકાર્ડ બનાવીને બાંગ્લાદેશી, પાકિસ્તાનીઓને પૂરાં પાડયાં છે. આ રેકેટની જાણ પોલીસ તંત્રને પણ છે - છતાં સરકારી તંત્રનો ભ્રષ્ટાચાર કબૂલ થઈ જાય તેવા ડરને કારણે સ્વીકારવા તૈયાર નથી. સુપ્રીમ કોર્ટે આ કેસની સુનાવણી મોકૂફ રાખી છે, પણ અત્યારે ફેરતપાસ રોકવાનો ઈન્કાર કર્યો છે - સાથે પંચ માટે આધારકાર્ડ વગેરેની શરત - અથવા સૂચનો છે, તેથી વિપક્ષે પણ વચગાળાનો હુકમ આવકાર્યો છે, તે બિહારના વિવાદમાં રાહતરૂપ છે.

## ધર્મ પરિવર્તન રોકવા કાયદો

મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં લવજેહાદ અને ધર્મ પરિવર્તન કરાવનારા પકડાયા છે, જ્યારે મહારાષ્ટ્રમાં ધર્મ પરિવર્તન રોકવા માટે કાનૂન લાવવાની ખાતરી મહેસૂલપ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ આપી છે. વિધાનસભામાં ધર્મ પરિવર્તનના મુદ્દે શાસક પક્ષના સભ્યોએ પ્રશ્નો ઉઠાવ્યા પછી આવી ખાતરી આપતાં મહેસૂલપ્રધાને જણાવ્યું છે કે, ધર્મ પરિવર્તન અને ગેરકાયદે બંધાઈ રહેલા ચર્ચની ફરિયાદો મળી છે અને સરકારે તેની તપાસ કરવા માટે ડિવિઝનલ કમિશનરના અધ્યક્ષપદે એક સમિતિની નિમણૂક કરી છે. નંદુરબારમાં ગેરકાયદે ચર્ચ બંધાયા હોવાની ફરિયાદો ઘણા વખતથી મળી રહી છે, તેથી હવે સરકાર એવો કાયદો લાવનાર છે, જેના પરિણામે કોઈ ધર્મ પરિવર્તન કરાવવાની હિંમત નહીં કરે. ઉત્તરપ્રદેશમાં છાંગુરબાબાની ધરપકડ પછી ધર્મ પરિવર્તન સંદર્ભે ચોંકાવનારી વિગતો મળી છે. ઉત્તરપ્રદેશ એ.ટી.એસ., ઈડી અને એન.આઈ.એ.ની તપાસમાં ધર્માંતરણનું વ્યાપક નેટવર્ક ચલાવતું હોવાની જાણકારી મળી છે અને માત્ર ઉત્તરપ્રદેશ જ નહીં, આ રેકેટ પાડોશી રાજ્યો અને વિદેશી કનેક્શનો સુધી વિસ્તર્યું છે. આ રેકેટ ચલાવવા વિદેશથી કરોડોનું ફંડિંગ થતું હોવાનું પણ બહાર આવ્યું છે. છાંગુરબાબાની તપાસ દરમ્યાન છેલ્લાં ૧૦ વર્ષમાં ૪૦વાર ઈસ્લામિક દેશોની યાત્રા કરી હોવાનું તપાસ એજન્સીઓને જાણવા મળ્યું છે. હિન્દુ અને શીખ યુવતીઓ માટે ધર્માંતરણનું ભાવપત્રક મળી આવ્યું છે, એ ઘટનાની ગંભીરતા છતી કરે છે. ઉત્તર પ્રદેશના મસમોટા ધર્માંતરણ રેકેટનો ભાંડો ફુટયા પછી ધર્માંતરણ મુદ્દે કડક કાયદાની માંગ પણ તેજ થવા લાગી છે. જો કાયદાની મદદ હશે તો જ આવા રેકેટો પર કસીને લગામ લગાવી શકાશે. ધુળે અને નંદુરબાર વિસ્તારમાં આદિવાસીઓને પ્રલોભનો આપીને ફરજિયાત ધર્મ પરિવર્તન થાય છે, તે બાબતમાં રાજ્ય સરકારના આદિવાસી કલ્યાણ વિભાગને પણ ફરિયાદો મળી રહી છે. હવે આવા પરિવારોની ઘરવાપસી માટે પ્રયાસ થઈ રહ્યા છે. આદિવાસી તરીકે એમને મળતા લાભ સમજાવાય છે. ભીલ સમાજને તબીબી સારવાર-સહાય આપીને ધર્મ પરિવર્તન કરાયું હોઈ તથા ૧૯૯ જેટલાં ગેરકાયદે ચર્ચ બંધાયાંની વિગત મળી છે. ગેરકાયદે બંધાતાં ધર્મસ્થાનો વિશે સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ આવાં સ્થાનોને કાયદેસર બનાવવા અથવા તો તોડી પાડવાં તે અંગે નિર્ણય લેવામાં આવશે. જે સરકારી કર્મચારીઓએ ક્વોટાના લાભ મેળવ્યા પછી ધર્મ પરિવર્તન કર્યું હોય તેની પણ તપાસ થઈ રહી છે.

**વિધાનસભામાં ધર્મ પરિવર્તનના મુદ્દે શાસક પક્ષના સભ્યોએ પ્રશ્નો ઉઠાવ્યા પછી આવી ખાતરી આપતાં મહેસૂલપ્રધાને જણાવ્યું છે કે, ધર્મ પરિવર્તન અને ગેરકાયદે બંધાઈ રહેલા ચર્ચની ફરિયાદો મળી છે**

### મોદીએ ૨૦૧૪માં જે અપેક્ષાઓ ઊભી કરેલી એ અપેક્ષાઓને પૂરી કરવામાં ઊણા ઉતર્યા છે

# ભાજપ પાસે મોદીનો વિકલ્પ જ ક્યાં છે?

### નરેન્દ્ર મોદીએ પોતાની પહેલી કેબિનેટમાં ૭૫ વર્ષથી વધુ ઉંમરના એક પણ નેતાને સ્થાન નહોતું આપ્યુ

ભાજપમાં ૭૫ વર્ષ પૂરાં કરનારા નેતાઓને રવાના કરી દેવાનો મુદ્દો સાવ ભુલાઈ ગયેલો પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઈજીજી)ના વડા મોહન ભાગવતે નાગપુરમાં એક કાર્યક્રમમાં આ મુદ્દો છેડી દીધો. ભાગવતે કહ્યું કે, કોઈ પણ નેતાએ ૭૫ વર્ષની ઉંમરે હોદ્દો છોડી દેવો જોઈએ. ૭૫ વર્ષના થાઓ એટલે અટકી જવાનું હોય ને બીજાને તક આપવાની હોય.

સંઘના વિચારક મોરોપંત પિંગલેને સમર્પિત પુસ્તક મોરોપંત પિંગલે: ધ આર્કિટેક્ટ ઓફ હિંદુ રિસર્જન્સ'ના વિમોચન કાર્યક્રમમાં બોલતા હતા એટલે મોહન ભાગવતે પિંગલે સાથેની સ્મૃતિઓને યાદ કરતાં કહ્યું કે, મોરોપંત પિંગલે રમૂજી માણસ હતા. મોરોપંત પિંગલેએ એક વખત કહ્યું હતું કે, તમને ૭૫ વર્ષના થયા પછી શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવે તેનો અર્થ એ છે કે તમારે હવે અટકી જવું જોઈએ, તમે વૃદ્ધ થઈ ગયા છો, તમારે ખસી જવું જોઈએ અને બીજા લોકો માટે જગા કરી દેવી જોઈએ. પિંગલેજીએ ખરેખર આ વાત કરેલી કે નહીં એ આપણને ખબર નથી પણ ભાગવતની વાતને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે જોડીને ચોવટ શરૂ થઈ ગઈ છે. સપ્ટેમ્બરમાં મોદી ૭૫ વર્ષના થવાના છે ત્યારે ભાગવતે આડકતરી રીતે તેમને ખસીને નવા ચહેરાને તક આપવા કહી દીધું છે એવું અર્થઘટન કરાઈ રહ્યું છે. મોદીને સીધેસીધું કહેવાના બદલે ભાગવતેકહી પે નિગાહેં, કહીં પે નિશાના' કરીને બે મહિના પછી ૭૫ વર્ષ પૂરાં થાય ત્યારે સત્તા છોડીને ગૌરવભેર ખસી જવાનો ઈશારો કર્યો એવી વાતો ચાલી રહી છે.

ભાગવત ખરેખર પિંગલેની વાત કરતા હતા કે પછી ચાલી રહેલી ચર્ચા પ્રમાણે તેમણે મોદીને જ ઈશારો કર્યો છે એ ભાગવત

જાણે ને રામ જાણે પણ ભાગવતની ટિપ્પણીને કારણે વિપક્ષોને ગોળનું ગાડું મળી ગયું છે. ભાજપ આ મુદ્દે ચૂપ છે પણ વિપક્ષો મચી પડ્યા છે. વિપક્ષે ભૂતકાળમાં ૭૫ વર્ષના બહાને મોદીએ કોને કોને ઘરે બેસાડી દીધેલા તેનો ચોપડો ખોલી દીધો છે ને મોદી પોતાના માટે પણ આ નિયમ લાગુ કરે છે કે પછી ડબલ સ્ટાન્ડર્ડ બતાવીને સત્તા પર ચીટકી રહે છે એ જોઈએ એવો મમરો પણ મૂકી દીધો છે.

મોદીને નિવૃત્ત કરવા કે નહીં તેનો નિર્ણય ભાજપે લેવાનો છે પણ ભાજપમાં લાંબા સમયથી સેવન્ટી ફાઈવ પ્લસ નેતાઓને વખારમાં નાખવાનો સિલસિલો ચાલે છે એ હકીકત છે. ભાજપે સત્તાવાર રીતે એવી કોઈ જાહેરાત કરી નથી પણ સૈદ્ધાંતિક રીતે ભાજપ તેનો અમલ કરે જ છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં જીત પછી ભાજપે ૭૫ વર્ષથી વધુ ઉંમરના નેતાઓને નિવૃત્ત કરવા માંડ્યા ત્યારથી આ સિલસિલો ચાલ્યા કરે છે.

નરેન્દ્ર મોદીએ પોતાની પહેલી કેબિનેટમાં ૭૫ વર્ષથી વધુ ઉંમરના એક પણ નેતાને સ્થાન નહોતું આપ્યું. બલકે સંગઠનમાંથી પણ તેમની બાદબાકી કરી દેવાઈ છે. લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશી જેવા ધુરંધરોને માર્ગદર્શક મંડળમાં સામેલ કરીને કોરાણે મૂકી દેવાયા છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પછી ભાજપે કેટલાક અપવાદોને બાદ કરતાં ૭૫ વર્ષથી વધુની ઉંમરના નેતાઓને ટિકિટ પણ નથી આપી કે મુખ્યમંત્રીપદ કે મંત્રીપદ સહિતના હોદ્દા પણ નથી આપ્યા.

૨૦૧૬માં ગુજરાતના મુખ્યમંત્રીપદેથી આનંદીબેન પટેલે રાજીનામું આપ્યું ત્યારે તેમની ઉંમર ૭૫ વર્ષની હોવાથી તેમને માનભેર રવાના કરાયાં હોવાની વાત ખુદ ભાજપના નેતાઓએ કરી હતી. ૨૦૧૬માં નજમા હેપતુલ્લાહને પણ મોદી કેબિનેટમાંથી રાજીનામું અપાવડાવી દેવડાવાયેલું કેમ કે નજમા ૭૫ વર્ષની ઉંમર વટાવી ગયેલાં.૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં ભાજપના તત્કાલીન પ્રમુખ અમિત શાહે એક ઈન્ટરવ્યૂમાં કહેલું કે, ભાજપ દ્વારા એક સૈદ્ધાંતિક નિર્ણય લઈને ૭૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતા કોઇ પણ વ્યક્તિને ટિકિટ આપવામાં આવી નથી. ૨૦૧૯ની ચૂંટણીમાં આ નિર્ણય હેઠળ લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, સુમિત્રા મહાજન અને હુકુમદેવ નારાયણ યાદવ જેવા નેતાઓને ટિકિટ આપવામાં આવી ન હતી.૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં રાજેન્દ્ર અગ્રવાલ, સંતોષ ગંગવાર, સત્યદેવ પચૌરી, રીટા બહુગુણા જોશી સહિતના નેતાઓની ટિકિટ ૭૫ વર્ષની ઉંમર થઈ ગઈ હોવાથી કાપી દેવામાં આવી હતી. ટૂંકમાં ભાજપ ૭૫ વર્ષની ઉંમર થાય ત્યારે નેતાઓને નિવૃત્ત કરી દેવાના ટ્રેન્ડને અનુસરી તો રહ્યો જ છે.હવે મોદી પોતે આ ટ્રેન્ડને અનુસરે તો તેમાં તેમનું ગૌરવ વધે તેમાં બેમત નથી. મોદીએ લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી અને જસવંત સિંહ જેવા ભાજપના ધુરંધર નેતાઓને ૭૫ વર્ષના થયા પછી ફરજિયાત નિવૃત્તિ લેવડાવીને બાજુ પર મૂકી દીધેલા ને હવે પોતે પણ એ નિયમને અનુસરીને પોતાના ચાવવાના અને બતાવવાના જુદા જુદા નથી એ પણ સાબિત કરી શકે.સત્તા છોડવી અઘરી છે ને તેમાં પણ સિદ્ધાંતના કારણોસર સત્તા છોડવી તો બહુ જ અઘરી છે. ક્યાંક ફસાયા પછી સત્તા છોડવા સિવાય આરો ના હોય ત્યારે ખસો એ અલગ વાત છે પણ સામેથી સત્તા છોડનારા વિરલા બહુ ઓછા હોય છે. મોદી એવું કરી બતાવે તો ઈતિહાસમાં અમર થઈ જાય ને આવનારી પેઢીઓ માટે પણ એક અનુસરણીય ઉદાહરણ મળે તેમાં શંકા નથી પણ સવાલ એ છે કે, ભાજપને મોદીને છોડવા પરવડે ખરા? બિલકુલ ના પરવડે.ભાજપના નેતાઓ સંગઠનના જોરે ભાજપ મોટો બન્યો ને દેશભરમાં છવાઈ ગયો એ સહિતની વાતો કરે છે પણ વાસ્તવમાં ભાજપની સફળતાનો યશ માત્ર ને માત્ર નરેન્દ્ર મોદીને જાય છે. ગુજરાતનાં ૨૦૦૨નાં રમખાણોના પગલે નરેન્દ્ર મોદીની પ્રખર હિંદુવાદી નેતા તરીકેની ઈમેજ ઊભી થઈ તેના કારણે ભાજપ સતત બે વાર લોકસભામાં સ્પષ્ટ બહુમતી સાથે જીત્યો અને સળંગ ત્રીજી વાર પણ સત્તામાં આવ્યો.

મોદીએ ૨૦૧૪માં જે અપેક્ષાઓ ઊભી કરેલી એ અપેક્ષાઓને પૂરી કરવામાં ઊણા ઉતર્યા છે પણ એ પછીય મોદી દેશમાં સૌથી લોકપ્રિય નેતા છે તેનો કોઈ ઈનકાર ના કરી શકે. ભાજપ પાસે મોદી જેવો જબરદસ્ત જનાધાર ધરાવતો અને ચૂંટણીઓ જીતાડવાની તાકાત પણ ધરાવતો બીજો કોઈ નેતા નથી એ નક્કર વાસ્તવિકતા છે. કોઈ ગમે તે કહે પણ ભાજપ પાસે સેક્નડ કે થર્ડ કેડર જેવું કંઈ નથી. ટોચ પર મોદી છે અને મોદી સામે જોઈને લોકો મત આપે છે તેથી ભાજપ સત્તામાં આવે છે. આ સંજોગોમાં મોદી ખસવા તૈયાર થાય તો પણ ભાજપને મોદીને જવા દેવા પરવડે તેમ નથી એ જોતાં મોદી રિટાયર થાય એવી આશા રાખવા જેવી નથી.

### ટેરિફ ઘટાડીને તેમના માટે ભારતીય બજાર ખોલવાની માગ કરી રહ્યું છે

# થરૂરે કૉંગ્રેસને આયનો બતાવી દીધો

• આ દાવો સ્વીકારવાના બદલે કોંગ્રેસ તેમને તગેડી મૂકે તો લોકો કોંગ્રેસની નેતાગીરી સામે સવાલ કરવા માંડે એ જોતાં કોંગ્રેસ હાલના તબક્કે થરૂરને કાઢવાનું જોખમ લે એ વાતમાં માલ નથી.

કૉંગ્રેસના સાંસદ શશિ થરૂર લાંબા સમયથી કૉંગ્રેસની નેતાગીરીને અકળાવ્યા કરે છે. કૉંગ્રસ સંગઠનની નબળાઈઓની જાહેરમાં ચર્ચા કરવાથી માંડીને નરેન્દ્ર મોદીનાં વખાણ કરવા સહિતની પ્રવૃત્તિઓના કારણે કૉંગ્રેસનો એક વર્ગ થરૂરને કૉંગ્રેસમાંથી તગેડી મૂકવાની માગ પણ કરે છે ત્યારે થરૂરે આ માગ પ્રબળ બને એવું વધુ એક કારણ પૂરૂં પાડીને ૧૯૭૫માં ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટોની આકરી ઝાટકણી કાઢી છે.મલયાલમ દૈનિક દીપિકામાં કટોકટી પર એક લેખમાં થરૂરે , ૨૫ જૂન ૧૯૭૫થી ૨૧ માર્ચ ૧૯૭૭ દરમિયાન વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટીને ભારતના ઈતિહાસનું કાળું પ્રકરણ ગણાવીને લખ્યું છે કે, શિસ્ત અને વ્યવસ્થા માટે કરવામાં આવેલા પ્રયાસો ક્રૂરતાના કૃત્યોમાં ફેરવાઈ ગયા જેને વાજબી ઠેરવી શકાય નહીં. થરૂરે એમ પણ લખ્યું છે કે, કટોકટીને ફક્ત ભારતના ઈતિહાસના કાળા પ્રકરણ તરીકે યાદ રાખવી જોઈએ નહીં પણ કટોકટીમાંથી શીખેલા પાઠને સંપૂર્ણ રીતે સમજવા જોઈએ.

થરૂરે લખ્યું છે કે, ઈન્દિરા ગાંધીના પુત્ર સંજય ગાંધીએ બળજબરીથી નસબંધી ઝુંબેશ ચલાવીને કટોકટી દરમિયાન અત્યાચારનું એક કુખ્યાત ઉદાહરણ પૂરું પાડ્યું. નસબંધીના મનસ્વી ટાર્ગેટને પૂરા કરવા ગરીબ લોકો પર અત્યાચારો ગુજારાયા અને ગ્રામીણ વિસ્તારોમાં હિંસા અને બળજબરીનો ઉપયોગ કરવામાં આવ્યો. નવી દિલ્હી જેવાં શહેરોમાં, ઝૂંપડપટ્ટીઓને નિર્દયતા અને ક્રૂરતાથી તોડી પાડીને હજારો લોકોને બેઘર બનાવવામાં આવ્યા અને લોકોના કલ્યાણને ધ્યાનમાં લેવામાં આવ્યું ન હતું. થરૂરે એવી ટકોર પણ કરી છે કે, લોકશાહી હળવાશથી લેવાની વસ્તુ નથી પણ કિંમતી વારસો છે કે જેને સતત સંવર્ધન અને સાચવણીની જરૂર પડે છે.થરૂરે આખો લાંબો લેખ લખ્યો છે. આ લેખનો ટૂંક સાર એ જ છે કે, કૉંગ્રેસે કટોકટી વખતે લોકશાહીને અભરાઈ પર ચડાવી દીધી હતી અને સંજય ગાંધીએ અત્યાચારો કરવામાં કોઈ કસર નહોતી છોડી. થરૂરે લખેલી વાતો સો ટકા સાચી છે કેમ કે કટોકટી કાળમાં સંજય ગાંધી અને તેમના ચમચાઓએ બેફામ બનીને લોકશાહીના સિદ્ધાંતોની પત્તર ખાંડી દીધી હતી. સંજય સત્તાવાર રીતે કોઈ હોદ્દા પર નહોતો છતાં સુપર પ્રાઈમ મિનિસ્ટર તરીકે વર્તતો હતો. કૉંગ્રેસીઓ સંજય ગાંધીના પગોમાં આળોટી ગયા હતા અને કરોડરજ્જુ વિનાના બનીને વર્તતા હતા.સંજયને સૂઝે એ તુક્કો કાયદો બની જતો ને તેના ચમચાઓને ગમે એ નિયમ બની જતો. એ વખતે ટીવી ચેનલો કે ડિજિટલ મીડિયા તો નહોતું પણ અખબારોનો અવાજ દબાવી દેવા માટે સેન્સરશિપ લાદી દેવાઈ હતી. ઈન્દિરા ગાંધી સરમુખત્યારની જેમ વર્તતાં અને જેમણે લોકશાહીનું ગળું દબાવી દેવાના પ્રયાસો સામે અવાજ ઉઠાવ્યો એ બધાંને ઉઠાવીને જેલમાં નાંખી દેવાયા હતા.વિપક્ષી સાંસદોને જેલમાં ધકેલીને પોતાની કઠપૂતળી જેવા સાંસદોના જોરે બંધારણ બદલી દેવાયું હતું. બંધારણની પ્રસ્તાવનામાં ફેરફાર ના કરી શકાય પણ ઈન્દિરા ગાંધીએ એ પાપ પણ કરી નાંખેલું. બંધારણીય જોગવાઈઓ બદલીને અને કાયદા સુધારીને ઈન્દિરા ગાંધીની સત્તા સામે કોઈ પડકાર જ ના રહે એવી સ્થિતિ પેદા કરી દેવાઈ હતી એ જોતાં કટોકટી કાળને દેશના ઈતિહાસનું સૌથી કલંકિત પ્રકરણ ગણવામાં જરાય અતિશયોક્તિ નથી.

આઝાદ ભારતના ઈતિહાસના સૌથી કલંકિત પ્રકરણ એવી કટોકટીને ૫૦ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે લખેલા લેખમાં થરૂરે કૉંગ્રેસને ઈતિહાસની કડવી વાસ્તવિકતાનો આયનો બતાવી દીધો એ ઘણા નેતાઓને ગમ્યું નથી. થરૂરને કૉંગ્રેસમાં કાઢી મૂકવાનો ગણગણાટ પાછો શરૂ થયો છે પણ કૉંગ્રેસની નેતાગીરીની તકલીફ એ છે કે, થરૂરને કમ સે કમ આ મુદ્દે તગેડી શકે તેમ નથી. કટોકટીનો ઈતિહાસ ખુલ્લી કિતાબ છે. ઈન્દિરા ગાંધીએ કરેલું મહાપાપ અને સંજય ગાંધીના અત્યાચારોની વાતો અડધી સદી જ જૂની છે તેથી તેને નકારી શકાય એમ નથી. સંજયના અત્યાચારોના કારણે કૉંગ્રેસ પોતે જ એટલો અપરાધભાવ અનુભવે છે કે, સંજય ગાંધીનું નામ પણ લેતી નથી. સંજય ગાંધી એક સમયે ઈન્દિરા ગાંધીના રાજકીય વારસ ગણાતા હતા, પણ કૉંગ્રેસે તેમને કોરાણે મૂકી દીધા છે. કૉંગ્રેસ પોતે સાવ વખારમાં નાંખી દીધેલા ઘણા નેતાઓને વચ્ચે વચ્ચે યાદ કરી લે છે, પણ સંજયનું નામ પણ લેતી નથી. તેનું કારણ એ જ છે કે, સંજયને યાદ કરાય એ સાથે જ કટોકટીની કલંકિત કથા પણ યાદ આવે તેથી કૉંગ્રેસે સંજયના નામનું નાહી નાંખીને તેને બાજુ પર જ મૂકી દીધો છે. કટોકટીની વાત કરતાં પણ કૉંગ્રેસ ખચકાય છે તેથી તેની ટીકા કરનારા થરૂરને કાઢવા જાય તો કૉંગ્રેસ કટોકટીનો બચાવ કરે છે એવું ચિત્ર ઉભું થાય. તેના કારણે ભાજપને મોટો મુદ્દો મળી જાય એટલે થરૂરને કટોકટીની ટીકા કરવા બદલ કાઢી મૂકાય એવી શક્યતા નથી.થરૂરને કૉંગ્રેસ કાઢી ના શકે એ માટે બીજું કારણ પણ છે. થરૂરે આ લેખથી અલગ પોતાના સોશિયલ મીડિયા પર એક સર્વે પણ મૂક્યો છે. આ સર્વે પ્રમાણે ૨૦૨૬માં યોજાનારી કેરળ વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)ની ભવ્ય જીત થશે જ્યારે હાલના મુખ્યમંત્રી પિનારાયી વિજયનના નેતૃત્વ હેઠળના ડાબેરી મોરચાને કારમી પછડાટ મળશે. સર્વેમાં યુડીએફના મુખ્યમંત્રીપદના દાવેદારોમાં શશિ થરૂર સૌથી આગળ છે. લગભગ ૨૮ ટકા મતદારોએ થરૂર પર કળશ ઢોળ્યો છે. આ સર્વેની વિગતો સોશિયલ મીડિયામાં મૂકીને થરૂરે કૉંગ્રેસના મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે પોતાનો દાવો રજૂ કરી દીધો છે તેમાં શંકા નથી.થરૂરે કટોકટી વિરોધી લેખ અને આ સર્વે દ્વારા કૉંગ્રેસ નેતૃત્વ સાથે આરપારની લડાઈ લડવાનું નક્કી કરી લીધું હોય એવું લાગે છે. થરૂરે સંકેત આપ્યો છે કે, મારી લાયકાતની કદર કરો નહિંતર આ પ્રકારની પરિસ્થિતી માટે તૈયાર રહો. થરૂર ચાર ટર્મથી થિરૂવનંથપુરમ બેઠક પરથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાય છે. કેન્દ્રમાં મંત્રી રહી ચૂક્યા છે અને બુધ્ધિશાળી તથા અભ્યાસુ વ્યક્તિ તરીકેની પોતાની છાપ ધરાવે છે. થરૂરની લાયકાતો વિશે ઘણું લખી શકાય તેમ છે ને એ મુખ્યમંત્રી બનવાને લાયક છે તેમાં બેમત નથી. કેરળ દેશનું સૌથી શિક્ષિત રાજ્ય છે એ જોતાં થરૂર જેવા ઉચ્ચ શિક્ષિતને કૉંગ્રેસ પોતાના મુખ્યમંત્રીપદના ઉમેદવાર બનાવે તો તેની અસર પણ પડે તેથી થરૂરના દાવો ખોટો નથી.

### એક અધ્યયન અનુસાર હિમાલયી ગ્લેશિયરોને ૨૦૦૦થી ૨૦૨૦ દરમ્યાન ૨.૭ ગીગાટનનું નુક્સાન થયું છે.

# પીગળતા ગ્લેશિયરોથી જળપ્રલયની આશંકા

### એમાં બેમત નહીં કે દુનિયાના ગ્લેશિયર જે ઝડપથી પીગળી રહ્યા છે અથવા એમ કહો કે ખતમ થઈ રહ્યા છે, તે ભયાવહ આપદાઓનો સંકેત છે.

આજે હિમાલય પોતાના અસ્તિત્વના સંકટ સામે ઝઝૂમી રહ્યો છે. એક તરફ તે તાપમાનમાં વધારાથી થઈ રહેલ હવામાનમાં આવેલા બદલાવ સામે ઝઝૂમી રહ્યો છે, એને કારણે દુકાળના સંકટનો સામનો કરી રહ્યો છે, ત્યાં જ જળવાયુ પરિવર્તનના દુષ્પ્રભાવને કારણે પશ્ચિમી વિક્ષોભથી વરસાદ, બરફવર્ષા અને ઠંડી ઓછી થવાના પડકારનો સામનો કરી રહ્યો છે, જ્યારે પર્યટનને કારણે વાયુપ્રદૂષણનો માર પણ વેઠી રહ્યો છે. એમાં સતત પહોળી થઈ રહેલી સડકો અને પર્યટનને કારણે વધતી ગાડીઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. હિમાલયના જટિલ અને પ્રાચીન ભૂભાગ પર કાર્બન યુક્ત એરોસોલના અધ્યયનમાં એ પર્દાફાશ થયો છે કે હિમાલયમાં વાયુ પ્રદૂષણ પર જીવાશ્મ ઈંધણ બળવાની વધુ અસર પડી રહી છે. હિમાલયમાં ગાડીઓની બેફામ વધારો હવામાં જીવાશ્મ ઈંધણની હિસ્સેદારીનું મુખ્ય કારણ છે. સાથે જ હિમાલય વસ્તીઓ અને શહેરોના બોજથી હવે હાંફવા લાગ્યો છે. ગ્લોબલ વૉર્મિંગને કારણે ઝડપથી ગ્લેશિયર પીગળીને બનેલા સરોવરો જળપ્રલયને આમંત્રણ આપી રહ્યા છે.

એમાં બેમત નહીં કે દુનિયાના ગ્લેશિયર જે ઝડપથી પીગળી રહ્યા છે અથવા એમ કહો કે ખતમ થઈ રહ્યા છે, તે ભયાવહ આપદાઓનો સંકેત છે. એકલા ૨૦૧૦માં જ ૨૦ અબજ ટન બરફ હિમાલયના ગ્લેશિયરોથી પીગળે છે. જો એવું જ રહ્યું તો તેનાં ગંભીર દુષ્પરિણામ ભવિષ્યમાં જોવા મળશે. સંયુક્ત રાષ્ટ્રના જળવાયુ પરિવર્તન પર અંતર સરકારી પેનલ એટલેકે આઈપીસીસીના રિપોર્ટે લગભગ પાંચ વર્ષ પહેલાં જ કહી દીધું હતું કે જળવાયુ પરિવર્તનને કારણે જો સીધી કોઈ મોટી અસર પડશે તો તે હિમાલય ક્ષેત્રો પર પડશે. હવે એ અસરો દેખાવા પણ લાગી છે.

એ કડવું સત્ય છેકે આપણે દુનિયાના ઘણા ગ્લેશિયરોને ગુમાવતા જઈએ છીએ. દુઃખ એ વાતનું છે કે આ ખતરા પ્રત્યે આપણું મૌન સમજની બહાર છે. જ્યારે આપણી પાસે ગ્લેશિયરો પીગળવાથી રોકવાની ક્ષમતા છે. હિમાલયી ગ્લેશિયરો વિશે ઈસરોનું હાલનું અધ્યયન ચોંકાવનારું છે કે ગ્લોબલ વૉર્મિંગને કારણે ઝડપથી પીગળી રહેલા ગ્લેશિયરોને કારણે જળપ્રલયની આશંકાને નકારી ન શકાય. ઈસરોના અધ્યયનનું માનીએ તો ઉપગ્રહ તસવીરોથી ખબર પડે છે કે હિમાલયી ગ્લેશિયર પીગળીને મોટા-મોટા સરોવરોનું રૂપ લઈ રહ્યા છે. જો ૧૯૮૪થી ૨૦૨૩ સુધી હિમાલય ક્ષેત્રાં બનેલા સરોવરોનો તાગ કાઢે તો ખબર પડે કે ૨૪૩૧ સરોવરો આકારમાં ૧૦ હેક્ટરથી પણ વધુ મોટા છે. ૧૯૮૪ બાદથી અત્યાર સુધી ૬૭૬ સરોવરોના ક્ષેત્રફળનો વિસ્તાર થયો છે અને તેમાંથી લગભગ છસો એવા છે જેમનો આકાર બે વાર બદલાઈ ચૂક્યો છે.

એક અધ્યયન અનુસાર હિમાલયી ગ્લેશિયરોને ૨૦૦૦થી ૨૦૨૦ દરમ્યાન ૨.૭ ગીગાટનનું નુક્સાન થયું છે. બ્રિટન અને અમેરિકાની અધ્યયન ટીમ અનુસાર, પાછલાં આકલનોમાં બૃહદ હિમાલયી ક્ષેત્રમાં પીગળીને તૂટી રહેલા ગ્લેશિયરોના નુક્સાનને ૬.૫ ટકા ઓછું કરીને આંકવામાં આવ્યું હતું. જ્યારે આ નુક્સાનનો આંકડો ૨.૭ ગીગાટનથી પણ વધારે હતો. હિમાલયી ક્ષેત્રમાં ગ્લેશિયરોના અધ્યયન બાદ ખબર પડી કે અહીં વિભિન્ન વિસ્તારોમાં મોટાભાગના ગ્લેશિયર અલગ-અલગ દરે પીગળી રહ્યા છે. સરકારે પણ માન્યું છે કે જળવાયુ પરિવર્તનને કારણે હિમાલયી ગ્લેશિયરોના પીગળવાનું ન માત્ર હિમાલયની નદી પ્રણાલીના વહેણ પર પ્રતિકૂળ ગંભીર પ્રભાવ પડશે, બલ્કે તેને કારણે પ્રાકૃતિક આપદાઓમાં પણ વધારો થશે, જેનો જનમાનસ પર વ્યાપક દુષ્પ્રભાવ પડશે. સરકારે તેનો પર્દાફાશ ગ્લેશિયરોનું પ્રબંધન જોનારી સંસદની સ્થાયી સમિતિને કર્યું છે. સંસદના આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સંરક્ષણ વિભાગે હિમાલયમાં ગ્લેશિયરો પીગળવા, તેના પાછળ ખસવા અને ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણમાં ગ્લેશિયરોના દ્રવ્યમાન સંતુલનમાં એ જોવા મળ્યું છે કે આ હિમાલય અંચલમાં ગ્લેશિયર વિભિન્ન ક્ષેત્રોમાં અલગ-અલગ દરે પીગળી રહ્યા છે.

એનાથી આ અંચલમાં હિમાલયી નદી પ્રણાલીનો પ્રવાહ ગંભીર રૂપે પ્રભાવિત થશે, બલ્કે આ ગ્લેશિયર સરોવર ફાટવાની ઘટનાઓ, હિમસ્લન અને ભૂસ્ખલન જેવી આપદાઓના જન્મનું કારણ પણ બનશે. એ પણ જો ગ્લેશિયરો પીગળવાનો દર યથાવત રહ્યો તો આ ગ્લેશિયરોની અંદર દટાયેલા બેક્ટેરિયા અને વાયરસ ફેલાવાનો ખતરો પણ વધી જશે. ગ્રીનહાઉસ પ્રભાવને કારણે ગ્લેશિયરનું સૂ-મ જીવમંડળ બદલાઈ જશે અને આ વાયરસ અને બેક્ટેરિયા બહાર આવી જશે. આ વાયરસ અને બેક્ટેરિયા બહાર આવીને મહામારી પેદા કરીને મનુષ્યના વિનાશનું કારણ પણ બની શકે છે. હાલની સ્થિતિ સાક્ષી છે કે ઉચ્ચ હિમાલય ક્ષેત્રના સરોવરોમાં પર્યાવરણ પરિવર્તન જળવાયુની સાથે જ હવામાન માટે પણ મોટો પડકાર બની રહ્યો છે. તેનો મુકાબલો કરવો આસાન નહીં હોય.

# બાહુબલીના બંને ભાગની એક ફિલ્મ બનાવશે રાજામૌલી

## બાહુબલીની રિલીઝના દસ વર્ષની ઉજવણી નિમિત્તે નવી જાહેરાત



એસ એસ રાજામૌલીની ફિલ્મ 'બાહુબલી' રિલીઝ થઈ અને આ ફિલ્મે સાઉથની સમગ્ર ઈન્ડસ્ટ્રી માટે પૅન ઈન્ડિયા રિલીઝના દ્વારા ખોલી દીધાં. એ પહેલાં સાઉથના એકલ-દોકલ કલાકારોની ડબ થયેલી ફિલ્મ આવતી અને ખાસ ફિલ્મ દર્શકો જ કેટલીક ચોક્કસ ફિલ્મ જોતાં હતાં. આ ફિલ્મનો પહેલો ભાગ રિલીઝ થયો તેને હવે દસ વર્ષ વિતી ચૂક્યા છે. જેમાં પ્રભાસ, રાણા દગ્ગુબાતી, અનુશ્કા શેટ્ટી અને તમન્ના ભાટિયા જેવાં કલાકારો હતાં.

ત્યારે રાજામૌલીએ એક નવી જાહેરાત કરી છે. જેમાં આ કલાકારો ફરી જોવા મળશે, મહત્વની વાત એ છે કે આ બે ભાગની ફિલ્મ હવે એક ભાગમાં 'બાહુબલીઃ ધ એપિક' નામ આપવામાં આવ્યું છે. રાજામૌલી ફરી તેમની ફિલ્મ પર કામ કરી રહ્યા છે. નવેસરથી આ ફિલ્મ લોકો સમક્ષ રજૂ થશે. રાજામૌલીએ પ્રભાસના નવા પોસ્ટર સાથે પોતાના એક્સ અકાઉન્ટ પર એક જાહેરાત કરી હતી. તેમણે લખ્યું, ''બાહુબલી....ઘણી સફરની શરૂઆત. અગણિત યાદો. અનંત પ્રેરણા. તેને દસ વર્ષ વીતી ચૂક્યા છે. આ ખાસ ઘટનાની ઉજવણી બાહુબલી –ધ એપિક, બે ભાગની એક ફિલ્મ. દુનિયાભરનાં થિએટરમાં ૨૧ ઓક્ટોબર, ૨૦૨૫ના દિવસે.''

આ ફિલ્મ તમિલ, તેલુગુ, મલયાલમ અને હિન્દી ચારેય ભાષાઓમાં રિલીઝ થશે. આ સમાચાર મળતાં જ બાહુબલીના ફૅન્સ ખુશ થઈ ગયાં હતાં અને પોસ્ટ પર કમેન્ટ અને રિએક્શનનો વરસાદ થઈ ગયો હતો. 'બાહુબલીઃધ એપિક'માં ૨૦૧૫માં આવેલી 'બાહુબલીઃ ધ બિગનિંગ' અને ૨૦૧૭માં આવેલી 'બાહુબલીઃ ધ કન્ક્લ્યુઝન'નું મિશ્રણ હશે. આ એક એવા યુવાનની વાર્તા છે, જેમાં તેને પોતાના ભુતકાળ વિશે જાણ થાય છે અને તે સિંહાસન પર પોતાનું યોગ્ય સ્થાન મેળવે છે. સાઉથની ફિલ્મને પૅન ઈન્ડિયા બનાવવા ઉપરાંત ફિલ્મની સિક્વલના ટ્રેન્ડને લોકપ્રિય બનાવવાનો શ્રેય પણ રાજામૌલીને જાય છે. જેણે મહાકાય બજેટ સાથે તેલુગુ ફિલ્મ બનાવવાની શરૂઆત કરી. હવે તેઓ સિક્વલને એક ફિલ્મમાં લાવીને એક નવો ટ્રેન્ડ શરૂ કરવા જઈ રહ્યા છે.

ફિલ્મ રિલીઝ વખતના આંકડાઓ મુજબ 'બાહુબલી'એ વર્લ્ડવાઇડ ૬૫૦ કરોડની જ્યારે 'બાહુબલી ૨'એ ૧૭૮૮.૦૬ કરોડની કમાણી કરી હતી. 'દંગલ' અને 'પુષ્પા ૨' પછી આ ફિલ્મ સૌથી વધુ કમાણી કરનારી ત્રીજી ફિલ્મ છે.



# અભિનેત્રી વિદ્યા માલવદે: એ ભરપૂર ટ્રેજેડી 'જીવી'!

શાહરુખ ખાનની ફિલ્મ 'ચક દે ઈન્ડિયા'માં જોવા મળેલી એક્ટ્રેસ વિદ્યા માલવદે ફિલ્મોમાં આવી એ પહેલાં એના જીવનમાં ઘણાં ઉતાર-ચડાવ આવ્યા છે. તેની પર્સનલ લાઈફ કોઈ ફિલ્મની સ્ટોરી જેવી જ છે.૨૦૦૩માં તેણે ફિલ્મ 'ઈન્તેહા'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ત્યારબાદ તેણે 'કિડનેપ', 'નો પ્રોબ્લેમ', 'દસ તોલા', 'નામ' અને 'રૂસ્લાન' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. તે રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી'માં પણ જોવા મળી હતી.ફિલ્મોમાં આવતા પહેલા તેની લાઈફમાં ઘણાં ટ્વિસ્ટ્સ આવ્યા હતાં. એ વિશે વિસ્તારમાં વાત કરીએ.વિદ્યા ઍર હોસ્ટેસ હતી અને તેણે કેપ્ટન અરવિંદ સિંહ બગ્ગા સાથે ૧૯૯૭માં લગ્ન કર્યા હતાં. તેના ખુશહાલ જીવને અણધાર્યો વળાંક લીધો જ્યારે ૨૦૦૦ની ૧૪ જુલાઈએ પ્લેન ક્રેશમાં તેના હસબન્ડનું નિધન થયું. ૨૭ની ઉંમરે વિદ્યા પર દુઃખોના પહાડ તૂટી પડ્યા. તે એટલી તો પડી ભાંગી કે તેણે આત્મહત્યા કરવાનો પણ વિચાર કર્યો હતો. જોકે મા-બાપનું વિચારીને તેણે આ પગલું ભરવાનું માંડી વાળ્યું.તેણે મોડલિંગ કરિઅર શરૂ કરી. ત્યારબાદ તે ફિલ્મોમાં પોતાની કરિઅર બનાવવા માંડી.લાઈફને આપ્યો સેકન્ડ ચાન્સફિલ્મોમાં કામ કરવા દરમિયાન તેની ઓળખાણ ડિરેક્ટર સંજય દાયમા સાથે થઈ. ધીમે-ધીમે તેમની આ ઓળખ પ્રેમમાં પરિણમી અને બંને લગ્ન કરીને ઠરીઠામ થયાં. આજે વિદ્યા તેની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફમાં ઘણી ખુશ છે.

# રિતેશ દેશમુખ પોતાની ટીમ સાથે લંડન રવાના, 'મસ્તી ૪'ના શૂટિંગની શરૂઆત

## આ ફ્રેન્ચાઇઝીના દરેક કલાકાર નસીબદાર : રિતેશ



હજુ તો ૨૦૨૫નું વર્ષ અડધું જ ગયું છે અને રિતેશ દેશમુખનું આ વર્ષ ઉજવણીભર્યું રહ્યું છે, તેની બૅક ટુ બૅક બે હિટ ફિલ્મ આવી ચુકી છે, 'રેડ ૨' અને 'હાઉસફુલ ૫'. તેની સફળતા પછી હવે રિતેશ લંડન જવા રવાના થયો છે, જ્યાં તે પોતાની 'મસ્તી' ફ્રેન્ચાઝીની ફિલ્મનું કામ શરૂ કરશે.

લંડન જતાં પહેલાં રિતેશે કહ્યું, ''મને લાગે છે, આ ફ્રેન્ચાઇઝીમાં કામ કરનાર દરેક કલાકારે પોતાને નસીબદાર માનવા જોઈએ, ખરેખર તો આવી કોઈ પણ ફ્રેન્ચાઈઝીનો ભાગ હોવું એ સારી વાત છે. હું આવા કેટલાંક પ્રોજેક્ટનો ભાગ છું, તે બદલ હું ગૌરવ અનુભવું છું. દાયકાઓથી જે ફ્રેન્ચાઈઝીની ફિલ્મ લોકોને આટલી પસંદ પડી હોય એ તેને આગળ વધારવી એ ગૌરવની વાત છે.''

રિતેશે આગળ કહ્યું, ''તમે જ્યારે કોઈ ફિલ્મ માટે મહેનત કરો અને પછી આશા રાખો કે લોકોને ગમશે તો એ સારી વાત છે, આ ફિલ્મ પર લોકોએ જે પ્રેમ વરસાવ્યો છે, તેના માટે ખરેખર હું તેમનો ઋણી છું.''

તાજેતરમાં રિલીઝ થયેલી રિતેશની ફિલ્મ સફળ રહી હોવાથી રિતેશે સાબિત કરી દીધું છે કે તે એક બેંકેબલ કલાકાર છે. 'હાઉસફુલ ૫'માં રિતેશના કોમિક ટાઈમિંગ અને અભિનયના ઘણા વખાણ થયા છે, જ્યારે 'રેડ ૨'માં ગંભીર રોલમાં પણ મજબૂત અભિનયથી તેણે પોતાની અભિનય ક્ષમતા પુરવાર કરી છે. આ બે ફિલ્મમાં એક પછી એક સફળતાથી તેણે બંને ફિલ્મમાં અલગ પ્રકારના રોલ અને અભિનયથી પોતાની ક્ષમતા બતાવી દીધી છે. હવે તેની લોકપ્રિય 'મસ્તી' સિરીઝમાં તે શું નવું લઈને આવે છે, તે બાબતે પણ ઘણી ઉત્સુકતા છે. મસ્તી સિવાય રિતેશ 'ધમાલ ૪' કરી રહ્યો છે અને 'રાજા શિવાજી' ડિરેક્ટ પણ કરી રહ્યો છે.

# 'જહાં અકલ હૈ, વહાં અકડ હૈ':'કૌન બનેગા કરોડપતિ ૧૭'નો પ્રોમો રિલીઝ, ૧૧ ઓગસ્ટથી અમિતાભ બચ્ચન સાથે નવી સિઝન શરૂ થશે



ટીવી શો 'કૌન બનેગા કરોડપતિ' ની નવી સીઝન ૧૧ ઓગસ્ટથી શરૂ થશે. સોમવારથી શુક્રવાર રાત્રે ૯ વાગ્યે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન અને સોની લિવ પર પ્રસારિત થશે. આ સીઝન પણ અમિતાભ બચ્ચન જ હોસ્ટ કરી રહ્યા છે. સોની ચેનલે શોના પાછા ફરવાની પુષ્ટિ કરી છે. તેમણે એક વીડિયો રિલીઝ કર્યો છે જેમાં અમિતાભ પણ જોવા મળી રહ્યા છે.

આ વીડિયો એક સીનથી શરૂ થાય છે જેમાં એક શ્રીમંત માણસ સેલ્સમેન પર બૂમ પાડે છે. તે કહે છે કે સેલ્સમેને લંડનથી આવેલો તેનો કાર્પેટ બગાડ્યો. સેલ્સમેન તેની વાત સાંભળે છે. પછી તે કાર્પેટના રેસા અને ધૂળ ન આકર્ષવાની તેની ખાસ ગુણવત્તા સમજાવે છે. આ રીતે તે સાબિત કરે છે કે કાર્પેટને કોઈ નુકસાન થયું નથી.

'જહાં અકલ હૈ, વહાં અકડ હૈ' આ પછી સેલ્સમેન તે માણસને થોડા પૈસા આપે છે. તે તેને કહે છે કે- આ પૈસા ગળાની દવા પર ખર્ચ કરવા માટે. આ સમય દરમિયાન અમિતાભ બચ્ચન ફ્રેમમાં આવે છે. તે કહે છે કે- 'જહાં અકલ હૈ, વહાં અકડ હૈ'


આ શો ૨૦૦૦માં સ્ટાર પ્લસ ચેનલ પર શરૂ થયો હતો અને પ્રથમ ત્રણ સીઝન ૨૦૦૭ સુધી ત્યાં પ્રસારિત થઈ હતી. ૨૦૧૦થી, તે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર પ્રસારિત થઈ રહ્યો છે.

વીડિયોના અંતે, અમિતાભ ફિલ્મ 'અગ્નિપથ' ના વિજય દીનાનાથ ચૌહાણની સ્ટાઈલમાં બોલે છે. તે કહે છે- '૧૧ ઓગસ્ટથી એપોઇન્ટમેન્ટ છે આપણી. શું કહેવું છે? તાજેતરમાં એવી ચર્ચા થઈ હતી કે અમિતાભ આ શો છોડી શકે છે. બોલિવૂડ હંગામાએ અહેવાલ આપ્યો હતો કે બચ્ચન અંગત કારણોસર શો છોડી રહ્યા છે. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે સલમાન ખાન આ શોના આગામી હોસ્ટ બની શકે છે.

૨૦૧૩માં સાતમી સિઝનથી ઈનામની રકમ વધારીને ૭ કરોડ કરવામાં આવી હતી. ૨૦૨૨માં, ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર, આ રકમ વધારીને ૭.૫ કરોડ કરી દીધી હતી.

એક સૂત્રએ બોલિવૂડ હંગામાને જણાવ્યું હતું કે, "સલમાન ખાન નાના પડદાનો બાદશાહ છે, અને અમિતાભ બચ્ચનનું સ્થાન લેવા માટે તે શ્રેષ્ઠ ચહેરો છે કારણ કે તેનું નાના શહેરના દર્શકો સાથે પણ મજબૂત જોડાણ છે. અગાઉ, શાહરુખ ખાને [illegible] હોસ્ટ કર્યું હતું અને જો બધું બરાબર રહ્યું, તો સલમાન ટીવી સેટ પર એક નવી ધૂમ મચાવશે." જોકે, હવે ચિત્ર એકદમ સ્પષ્ટ થઈ ગયું કે આ તમામ ખબર અફવા હતી. અમિતાભ બચ્ચન જ આ સિઝનને હોસ્ટ કરશે.

# ગલી બોય હાઈ-વેની ખોજમાં



પંદર વર્ષ પહેલાં 'યશરાજ ફિલ્મ્સ'ના બેનર હેઠળ રણવીર સિંહનો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ થયો હતો. એય પાછો ધમાકેદાર, 'બેન્ડ બાજા બારાત' સાથે. હા, મનીષ શર્મા દિગ્દર્શિત એની પહેલી ફિલ્મનું ટાઈટલ હતું 'બેન્ડ બાજા બારાત' પણ રણવીરની એન્ટ્રી ફિલ્મના ટાઈટલને સર્વાંગ સાર્થક કરનારી હતી. ૧૫ કરોડના બજેટમાં બનેલી ફિલ્મ ૩૩ કરોડનો વકરો કરવામાં સફળ રહી હતી. રણવીર સિંહના વરઘોડાના ઓવારણાં લેવાયા અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એના વાજાં વાગવા લાગ્યા. કરણ જોહર, વિક્રમાદિત્ય મોટવાને, સંજય લીલા ભણસાલી જેવા નામી ફિલ્મમેકરોમાં એની સાથે કામ કરવા ઉત્સાહ નજરે પડવા લાગ્યો.

અલબત્ત, ગગનમાં ઊંચે ઊડતા પતંગનો માંજો, એની કની અને ખુદ પતંગ ગમે એટલી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા હોય, એ પતંગ એક દિવસ જમીનદોસ્ત થવાનો જ છે. વાજાં વાગ્યા અને બારાતના ઓવારણાં લેવાયા એનો આનંદ માણ્યા પછી એની કારકિર્દીની બેન્ડ વાગવાની શરૂઆત થઈ. 'ગોલિયોં રાસલીલા રામ – લીલા', 'ગુંડે', 'દિલ ધડકને દો', 'બાજીરાવ મસ્તાની' 'બેફિકરે', 'પદ્માવત', 'ગલી બોય' સુધી હિટ ઝાઝી અને ફ્લોપ થોડીનો હિસાબ કિતાબ ધરાવતી કારકિર્દીમાં નિષ્ફળતા શરૂ થઈ. '૮૩', 'જયેશભાઈ જોરદાર', 'સર્કસ' ધડામ કરતા બોક્સ ઓફિસ પર પટકાઈ ગઈ.

હા, 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' હિટ સાબિત થઈ, પણ એ સફળતામાં આંતરરાષ્ટ્રીય કલેક્શનનો મોટો ફાળો હતો એવી દલીલ કરવામાં આવી હતી. આપણા દર્શકોને ફિલ્મ બહુ પસંદ નહોતી પડી એવું ઠસાવવાની આ કોશિશ હતી.

ગયા વર્ષની રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેન' ફ્લોપ નહોતી, પણ જબરદસ્ત હિટ સુધ્ધાં નહોતી. ઓકે ઓકે સફળતા મેળવનારી આ ફિલ્મ મલ્ટીસ્ટારર (અજય દેવગન, અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ પણ હતા) હતી અને એટલે સફળતાનો શ્રેય વહેંચાઈ ગયો.

આ તરફ, આ પ્રકારના અનુભવ રણબીર કપૂરને પણ થયો છે. સંજય લીલા ભણસાલી દિગ્દર્શિત 'સાંવરિયા' (૨૦૦૮)થી શરૂઆત કરનારા રણબીરની બીજી ફિલ્મ 'બચના અય હસીનો' સુપરહિટ સાબિત થતા રાજ કપૂરના પૌત્રની ડિમાન્ડ વધી ગઈ.

ત્યારબાદ 'વેકઅપ સિદ', 'અજબ પ્રેમ કી ગજબ કહાની' વગેરે ફિલ્મોની સફળતાથી એની ગાડી સડસડાટ દોડવા લાગી. ૨૦૧૩માં રિલીઝ થયેલી 'બચના અય હસીનો' સુધી હિટ ઝાઝી, ફ્લોપ થોડીનો અનુભવ કરનારા રણબીરની ગાડીને પહેલી બ્રેક લાગી 'બેશરમ' ફિલ્મથી. ત્યારબાદ 'રોય', 'બોમ્બે વેલ્વેટ', 'તમાશા', 'જગ્ગા જાસૂસ' ૫ ફ્લોપથી સુપર ફ્લોપનો સિલસિલો શરૂ થયો. શિખરથી સીધો તળેટીમાં પછડાયો અને એ પછી ૨૦૧૮માં આવી રાજકુમાર હિરાણીની 'સંજુ' જે બ્લોકબસ્ટર સાબિત થઈ. સુપરફ્લોપ 'સમશેરા'ને બાદ કરતા બે હિટ ફિલ્મ 'બ્રહ્માસ્ત્રઃ ભાગ એક – શિવ' અને 'તૂ જૂઠી મૈં મક્કાર' અને બ્લોકબસ્ટર 'એનિમલ'થી રણબીરની ગાડી તળેટીથી ફરી શિખર તરફ દોડીપએની આગામી ફિલ્મો સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વોર' તેમ જ નિતેશ તિવારીની 'રામાયણ પાર્ટ વન' જોરદાર આવકારની સંભાવના ધરાવે છે. ટૂંકમાં સફળતા પછી નિષ્ફળતા અને ફરી સફળતા એ ચક્કર તો ચાલતું રહેવાનું.

રણવીર સિંહ માટે પણ આદિત્ય ધર દિગ્દર્શિત 'ધુરંધર' સફળતાની નવી સીડીનું પહેલું પગથિયું સાબિત થઈ શકે છે એવી ધારણા વ્યક્ત કરવામાં આવી છે. બ્લોકબસ્ટર 'ઉરીઃ ધ સર્જીકલ સ્ટ્રાઈક'ના લેખક – નિર્માતા – દિગ્દર્શક (તેમ જ યામી ગૌતમના જીવનસાથી) 'આર્ટિકલ ૩૭૦'ના લેખક અને નિર્માતા આદિત્ય ઈતિહાસને ફંફોસી અર્થપૂર્ણ સિનેમા બનાવે છે. ભારતીય ગુપ્તચર સંસ્થા 'રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ' – રોના એક મિશનની કામગીરીની આસપાસ વીંટળાયેલી કથા ધરાવતી ફિલ્મમાં બ્લોકબસ્ટર સાબિત થવાના બધા ગુણો સમાયેલા છે. 'ધુરંધર' સિવાય રણવીરની ઝોળીમાં ફરહાન અખ્તરની 'ડોન ૩' છે જેનું શૂટિંગ આવતા વર્ષે જાન્યુઆરીમાં શરૂ થવાનું છે. હિન્દીમાં ડબ કરી સફળતા મેળવનારી સફળ તેલુગુ ફિલ્મ 'હનુ – માન'ના દિગ્દર્શક પ્રશાંત વર્માની 'રાક્ષસ' રણવીર સિંહ સાથે બનાવવાની ઘોષણા થઈ હતી. જોકે, ક્રિયેટિવ ડિફરન્સીસનું કારણ રજૂ કરી રણવીર ફિલ્મમાંથી ખસી ગયો છે. એકંદરે ઝોળી ખાલી છે. 'ધુરંધર' બોક્સ ઓફિસ પર ધુરંધર સાબિત થાય અને ગાડી ફરી સડસડાટ દોડવા લાગે એવું અનુમાન હકીકત બની શકશે કે કેમ એ તો આવનારો સમય જ કહેશે.ટૂંકમાં 'ગલી બોય' (ઝોયા અખ્તર દિગ્દર્શિત ૨૦૧૯ની ફિલ્મ)ને હાઈ- વેની તલાશ છે. 'એનિમલ' ફિલ્મે રણબીર માટે જે કર્યું એ 'ધુરંધર' રણવીર માટે કરી શકશે અને નિષ્ફળતાનો દોર પૂરો થશે એવી ઉમેદ એક્ટર બાંધીને બેઠો છે.

હા, 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' હિટ સાબિત થઈ, પણ એ સફળતામાં આંતરરાષ્ટ્રીય કલેક્શનનો મોટો ફાળો હતો એવી દલીલ કરવામાં આવી હતી.

# ભારતીય વિમેન્સ ટીમ સફળતા સાથે સિરીઝ પૂર્ણ કરવા ઇચ્છશે




સિરીઝ જીતીને આત્મવિશ્વાસથી છલકાતી ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમ હવે શનિવારે ઈંગ્લેન્ડ સામેની વર્તમાન ટી૨૦ સિરીઝની પાંચમી અને અંતિમ ક્રિકેટ મેચ રમશે ત્યારે તેના ઈરાદા સફળતા સાથે સિરીઝ પૂર્ણ કરવાના રહેશે. અહીંના એજબસ્ટન ખાતે શનિવારે પાંચમી અને અંતિમ ટી૨૦ મેચ રમાશે જે ભારતીય સમય મુજબ રાત્રે ૧૧.૦૫ કલાકે શરૂ થશે.ભારતા હાલમાં સિરીઝમાં ૩-૧ની અજેય સરસાઈ ધરાવે છે તે જોતાં આ મેચ ઔપચારિક છે પરંતુ ભારતે તેનું પ્રભુત્વ કાયમ રાખવા માટે આ મેચમાં જીતવું જોઈએ કેમ કે ત્યાર બાદ ૧૬મી જુલાઈથી બંને ટીમ વચ્ચે ત્રણ મેચની વન-ડે સિરીઝનો પ્રારંભ થઈ રહ્યો છે જેમાં ભારતને માનસિક લાભ મળી શકે. શરૂઆતની મેચોમાં ભારતે બેટિંગ અને બોલિંગમાં ઉમદા દેખાવ કર્યો હતો પરંતુ ચોથી મેચમાં ભારતની ફિલ્ડિંગ વેગીલી રહી હતી. જેની મદદથી ભારતે પહેલી વાર ઈંગ્લેન્ડ સામે ટી૨૦ સિરીઝ જીતી હતી.અરૂંધતી રેડ્ડીએ ફિલ્ડિંગમાં ત્રણ કેચ ઝડપ્યા હતા તો રાધા યાદવે ચુસ્ત ફિલ્ડિંગ કરી હતી જેને પરિણામે ભારતીય બોલર્સે હરીફ ટીમને ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૨૬ રનના સ્કોર પર અટકાવી દીધી હતી. અંતે ભારતે આ સ્કોર વટાવીને છ વિકેટથી વિજય હાંસલ કર્યો હતો અને સાથે સાથે ૩-૧થી સિરીઝ જીતી લીધી હતી.આ સફળતાથી ભારતે ઈંગ્લેન્ડ માટે માત્ર પહેલી વાર ટી૨૦ સિરીઝ જીતી હતી એટલું જ નહીં પરંતુ સાથે સાથે આગામી વર્લ્ડ કપ અને બે દિવસ બાદ શરૂ થઈ રહેલી વન-ડે મેચો માટે પૂરતો આત્મવિશ્વાસ કેળવી લીધો હતો. શનિવારની મેચ અગાઉ ભારતીય વિમેન્સ ટીમ માટે માનસિક લાભ એ પણ રહેશે કે આ જ એજબસ્ટનના મેદાન પર આ સપ્તાહે જ ભારતની મેન્સ ટીમે શુભમન ગિલની આગેવાનીમાં ઈંગ્લેન્ડની મેન્સ ટીમને ટેસ્ટ મેચમાં હરાવી હતી જેમાં ગિલે એક બેવડી અને એક સદી ફટકારી હતી. ભારત પાસે બોલિંગમાં ચાર સ્પિનર અને બે સીમર છે. આ કોમ્બિનેશન અત્યાર સુધી તેને સફળતા અપાવતું રહ્યું છે કેમ કે હરીફ બેટિંગ સ્પિન બોલિંગ સામે સંઘર્ષ કરી રહી છે. આ સિરીઝમાં અત્યાર સુધી રમાયેલી ચાર મેચમાં ઈંગ્લેન્ડે તેની કુલ ૨૨ વિકેટ સ્પિનર સામે ગુમાવી છે.

બંને ટીમ: ભારત વિમેન્સ: હરમનપ્રિત કૌર (સુકાની), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ. રિચા ઘોષ, યાસ્તિકા ભાટીયા, હરલિન દેઓલ, દિપ્તી શર્મા, સ્નેહ રાણા, એન. શ્રી ચરાણી, સૂચિ ઉપાધ્યાય, અમનજોત કૌર, અરૂંધતી રેડ્ડી, ક્રાંતિ ગૌડ, સયાલી સાટઘારે.

ઈંગ્લેન્ડ વિમેન્સ: ટેમ્મી બ્યુમોન્ટ (સુકાની), એમા આર્લોટ, લૌરન બેલ, એલિસ કાપ્સે, ચાર્લી ડીન, સોફિયા ડન્કલી, સોફી એકલસ્ટોન, લૌરેન ફિલર, એમી જોન્સ, પેગી સ્કોલફિલ્ડ, લિન્સે સ્મિથ, ડ્યૂની વેઇટ-હોજ, ઇસ્સી વોંગ, મેયા બાઉચર.

# પરિવર્તનથી દૂર રહીને ભારતે નિતિશ પર ભરોસો રાખવો જોઇએ: કુંબલે



ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસમાં રમી રહી છે ત્યારે ભારતના મહાન સ્પિનર અનીલ કુંબલેએ એવો અભિપ્રાય આપ્યો હતો કે ટીમમાં નિતિશકુમાર રેડ્ડીને નિયમિત સ્થાન આપીને તેના પર ભરોસો રાખવો જોઈએ.


કુંબલે વારંવારના પરિવર્તનની પ્રક્રિયાથી દૂર રહીને વર્તમાન ટીમની પ્રતિભા અને શિસ્તમાં રહેવા માટે નિતિશ રેડ્ડીને ટીમમાં કાયમી સ્થાન આપવું જોઈએ જેથી તે પોતાની જાતને પુરવાર કરી શકે.

રેડ્ડી વર્તમાન સિરીઝમાં તેની બીજી ટેસ્ટ રમી રહ્યો છે જેના પ્રથમ દિવસે તે બે વિકેટ ખેરવીને ભારત માટે સૌથી સફળ બોલર રહ્યો હતો. જોકે બીજે દિવસે જસપ્રિત બુમરાહે વેધક બોલિંગ કરીને પાંચ વિકેટ ખેરવતાં ઈંગ્લેન્ડની ટીમ તેના પ્રથમ દિવસના સ્કોરમાં વધુ રન ઉમેરી શકી ન હતી. અનીલ કુંબલેએ ટીવી કોમેન્ટરી દરમિયાન જણાવ્યું હતું કે મને આશ્ચર્ય થયું હતું કે ગુરુવારે નિતિશે કેટલી શાનદાર બોલિંગ કરી હતી. તેણે સતત એકધારી અને બેલેન્સ બોલિંગ કરી હતી. લેગસાઇડની બહાર તેણે એક શોર્ટ બોલ ફેંક્યો હતો પરંતુ તે સિવાય તે શિસ્તબદ્ધ બોલિંગ કરતો જોવા મળ્યો હતો.

મારું માનવું છે કે તેણે ઓસ્ટ્રેલિયામાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે બેટિંગમાં સદી ફટકારી હતી તો શાનદાર બોલિંગ પણ કરી હતી. તે અલગ બાબત છે કે તે ખાસ વિકેટો ખેરવી શક્યો ન હતો પરંતુ એકંદરે એ પ્રવાસ ભારત માટે ખાસ સફળ રહ્યો ન હતો. એવા બોલર જે ભાગીદારી તોડી શકે અને તમારા નિયમિત બોલરને આરામ આપીને બોલિંગ કરી શકે તેવો નિતિશ રેડ્ડી છે અને તેની પાસેથી આથી વધુ અપેક્ષા રાખવાનો કોઈ અર્થ નથી તેમ કુંબલેએ ઉમેર્યું હતું.

ભારતના મહાન લેગસ્પિનર કુંબલેએ વધુમાં જણાવ્યું હતું કે તેણે એક સ્પેલમાં લગભગ ૧૪ ઓવર બોલિંગ કરી હતી જે બાબત તેની ફિટનેસ પુરવાર કરે છે. તે યુવાન છે અને સાથે સાથે તે સક્ષમ બેટર પણ છે જે ટેસ્ટ મેચમાં સદી ફટકારી ચૂક્યો છે. અને, તે ચબરાક ફિલ્ડર પણ છે. આ સંજોગોમાં ભારતે તેની ઉપર ભરોસો રાખીને તેને નિયમિત તક આપતા રહેવું જોઈએ અને વારંવારના પરિવર્તનથી દૂર રહેવું જોઈએ.

# નોવાક જોકોવિચનું વિમ્બલડન જીતવાનું સપનું તૂટ્યું, સેમિફાઈનલમાં સિનરે હરાવ્યો



વિમ્બલ્ડન ટેનિસ ગ્રાન્ડ સ્લેમ ૨૦૨૫ ની મેન્સ સિંગલ્સની ફાઈનલમાં હવે યાનિક સિનર અને ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ રવિવારે સેન્ટર કોર્ટ પર ટાઇટલ ટક્કર માટે ટકરાશે. બંને ખેલાડીઓએ સેમિફાઇનલ મેચમાં પોતાના વિરોધીઓને હરાવીને ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. રવિવાર, ૧૩ જુલાઈના રોજ આ ફાઇનલ ટેનિસના સૌથી રોમાંચક યુગની શરૂઆત કરશે, જ્યાં જોકોવિચ, નડાલ અને ફેડરરના યુગ પછી, અલ્કારાઝ અને સિનર જેવા સ્ટાર્સ હવે ટેનિસ પર પ્રભુત્વ મેળવશે.

ઇટાલીના ૨૩ વર્ષીય જેનિક સિનરે સેમિફાઇનલમાં મહાન ખેલાડીઓમાંના એક નોવાક જોકોવિચને ૬-૩, ૬-૩, ૬-૪ થી સીધા સેટમાં હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. અત્યાર સુધી ૨૪ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીતનાર જોકોવિચ સેન્ટર કોર્ટ પર પ્રમાણમાં સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો અને સિનરની આક્રમક અને સચોટ રમત સામે લાચાર દેખાતો હતો. વિમ્બલ્ડન ફાઇનલમાં આ સિનરનો પહેલો પ્રવેશ છે અને આ સાથે તે આ સિદ્ધિ હાંસલ કરનાર પ્રથમ ઇટાલિયન પુરુષ ખેલાડી બન્યો છે.

બીજા સેમિફાઇનલમાં, સ્પેનના કાર્લોસ અલ્કારાઝે અમેરિકાના ટેલર ફ્રિટ્ઝને ૬-૪, ૫-૭, ૬-૩, ૭-૬(૬) થી હરાવીને સતત ત્રીજી વખત વિમ્બલ્ડન ફાઇનલમાં પ્રવેશ કર્યો. ૨૨ વર્ષીય અલ્કારાઝ હવે તેના કારકિર્દીના છઠ્ઠા ગ્રાન્ડ સ્લેમ અને સતત ત્રીજા વિમ્બલ્ડન ટાઇટલ જીતવાથી માત્ર એક જીત દૂર છે. અલ્કારાઝ હાલમાં જબરદસ્ત ફોર્મમાં છે અને આ તેની સતત ૨૪મી જીત છે. તેણે ૨૦૨૩ અને ૨૦૨૪ વિમ્બલ્ડન ફાઇનલમાં નોવાક જોકોવિચને હરાવ્યો હતો અને હવે તે તેના અનુભવ અને સેન્ટર કોર્ટના આત્મવિશ્વાસના આધારે ટાઇટલ માટે મજબૂત દાવેદાર છે. ફાઇનલમાં તેનો રેકોર્ડ પણ ઉત્તમ રહ્યો છે, તેણે અત્યાર સુધી રમાયેલી તમામ પાંચ ફાઇનલ જીતી છે.

# 'બધા મારા લીધે પૈસા કમાઈ રહ્યા છે....'ટીકાકારોને આપ્યો જવાબ

ભારતીય ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે પોતાના ટીકાકારોને જવાબ આપતા કહ્યું છે કે, દરેક વ્યક્તિ મારા દ્વારા પૈસા કમાઈ રહ્યા છે, હું તેના માટે પ્રાર્થના કરીશ.' હાલમાં ભારતીય ટીમના શ્રેષ્ઠ બોલર હોવા છતાં બુમરાહની ફિટનેસ અંગે ટીકા થઈ રહી છે. વર્કલોડ મેનેજમેન્ટને કારણે જસપ્રીત બુમરાહ ઈંગ્લેન્ડ પ્રવાસ પર બીજી ટેસ્ટ રમી શક્યો ન હતો. લીડ્સમાં રમાયેલી પહેલી મેચમાં તેના કાંડામાં ઈજા થઈ હતી. ત્યારબાદ બીજી ટેસ્ટ શરૂ થાય તે પહેલાં ૭ દિવસનો વિરામ લેવામાં આવ્યો હતો, તેમ છતાં બુમરાહ એજબેસ્ટન ટેસ્ટ રમ્યો ન હતો. તેમને આરામ આપવાના નિર્ણય પર ઘણાં સવાલો ઊભા થયા હતા.

ઈંગ્લેન્ડ સામે લોર્ડ્સ ટેસ્ટ મેચમાં ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે જબરદસ્ત પ્રદર્શન કર્યું હતું. બુમરાહે ઈંગ્લેન્ડની પહેલી ઈનિંગમાં ૨૩ ઓવર્સના બોલરમાં ૭૪ રન આપ્યા અને પાંચ વિકેટ ઝડપી હતી. બીજા દિવસની રમત પૂરી થયા પછી જસપ્રીત બુમરાહને પ્રેસ કોન્ફરન્સમાં પૂછવામાં આવ્યું કે, 'છેલ્લી ટેસ્ટ ન રમવા બદલ તેને મળેલી ટીકા વિશે તે શું કહેવા માંગે છે?' બુમરાહએ જવાબમાં કહ્યું કે, 'દરેક વ્યક્તિ મારા દ્વારા પૈસા કમાઈ રહ્યો છે, તે મને આશીર્વાદ આપશે. જ્યાં સુધી હું જર્સી પહેરીશ ત્યાં સુધી લોકો મને જજ કરશે. સચિન સર ૨૦૦ ટેસ્ટ રમ્યા છે, પરંતુ તેમને પણ જજ કરવામાં આવે છે.'

મેચ વિશે વાત કરીએ તો જસપ્રીત બુમરાહે લોર્ડ્સ ટેસ્ટમાં પાંચ વિકેટ લઈને પ્રથમ વખત લોર્ડ્સ ઓનર્સ બોર્ડ પર પોતાનું નામ નોંધાવ્યું. આ તેની ટેસ્ટ કારકિર્દીમાં ૧૫મી ૫ વિકેટ હતી.

# બીજે દિવસે જો રૂટની સદી, બુમરાહની પાંચ વિકેટ




ઓપનર કે એલ રાહુલ અને કરુણ નાયરની મક્કમ બેટિંગની મદદથી પ્રવાસી ભારતે અહીં રમાતી ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં શુક્રવારે ઇંગ્લેન્ડનો મક્કમ પ્રતિકાર કર્યો હતો. ઈંગ્લેન્ડના ૩૮૭ રનના સ્કોર સામે રમતાં ભારતે તેના પ્રથમ દાવમાં ત્રણ વિકેટે ૧૪૫ રન નોંધાવી દીધા હતા. આમ હાલમાં તે ૨૪૨ રન પાછળ છે અને તેની સાત વિકેટ જમા છે. અહીંના લોર્ડ્ઝ ખાતે રમાતી ટેસ્ટના ત્રીજા દિવસની રમતને અંતે લોકેશ રાહુલ ૫૩ અને રિશભ પંત ૧૯ રન સાથે રમતમાં હતા.

રાહુલે ૧૧૩ બોલની ઈનિંગ્સમાં પાંચ ચોગ્ગા ફટકાર્યા હતા. ભારતે ઓપનર યશસ્વી જયસ્વાલ (૧૩), કરુણ નાયર (૪૦) અને કેપ્ટન શુભમન ગિલ (૧૬)ની વિકેટ ગુમાવી દીધી હતી. રાહુલને સહકાર આપીને નાયરે ટીમનો સ્કોર ૧૩થી ૭૪ સુધી પહોંચાડ્યો હતો. નાયરે ૬૨ બોલમાં રમીને ૪૦ રન ફટકાર્યા હતા.

અગાઉ ઈંગ્લેન્ડે ચાર વિકેટે ૨૫૧ રનના સ્કોરથી તેનો પ્રથમ દાવ આગળ ધપાવ્યો ત્યારે ૯૯ રન સાથે બેટિંગ કરી રહેલા જો રૂટે તેની સદી પૂરી કરી દીધી હતી. જોકે આ સિદ્ધિ બાદ તે લાંબું ટકી શક્યો ન હતો. જસપ્રિત બુમરાહના એક અદભૂત બોલમાં તે બોલ્ડ થઈ ગયો હતો. ૨૭૧ રનના સ્કોર સુધીમાં જો રૂટ, બેન સ્ટોક્સ અને ક્રિસ વોક્સ પણ આઉટ થઈ જતાં ઈંગ્લેન્ડની ઈનિંગ્સ વહેલી સમાપ્ત થઈ જશે તેમ લાગતું હતું પરંતુ જેમી સ્મિથ અને બ્રાયડન કાર્સેએ અડધી સદી ફટકારીને ટીમનો સ્કોર ૩૮૭ સુધી પહોંચાડી દીધો હતો. આમ આ બંનેની બેટિંગની મદદથી ઈંગ્લેન્ડે શુક્રવારની રમતમાં ૧૨૭ રન ઉમેરી દીધા હતા. જેમી સ્મિથે શાનદાર બેટિંગ કરીને ૫૬ બોલમાં ૫૧ રન ફટકાર્યા હતા જેમાં છ ચોગ્ગાનો સમાવેશ થતો હતો તો બ્રાયડન કાર્સેએ ૮૩ બોલમાં એટલા જ ચોગ્ગા ઉપરાંત એક સિક્સર ફટકારીને ૫૬ રન ફટકાર્યા હતા. અંતે તે મોહમ્મદ સિરાઝનો શિકાર બન્યો હતો. જોકે શુક્રવારની ભારતની લડતની આગેવાની જસપ્રિત બુમરાહે લીધી હતી. તેણે સવારના તબક્કામાં વેધક બોલિંગ કરી હતી. આ ગાળામાં તેણે હરીફ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સ, જો રૂટ અને હેરી બ્રુક જેવા સ્ટાર બેટરને બોલ્ડ કર્યા હતા. આ ઉપરાંત તેણે ક્રિસ વોક્સને પણ પહેલા બોલે આઉટ કર્યો હતો.

# લોર્ડ્સમાં બીજા દિવસની રમત પૂર્ણ, ભારતનો સ્કોર ૧૪૫/3, કેએલ રાહુલની ફિફ્ટી

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે એન્ડરસન-તેંદુલકર ટ્રોફી ૨૦૨૫નો ત્રીજો મુકાબલો લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ રહ્યો છે. આ મેચમાં બીજા દિવસ (૧૧ જુલાઈ)ની રમત પૂર્ણ થઈ ચૂકી છે. ઈંગ્લેન્ડની ટીમ પહેલી ઈનિંગમાં ૩૮૭ રન પર ઓલઆઉટ થઈ ગઈ. જેના જવાબમાં ભારતે બીજા દિવસે સ્ટમ્પ સુધી પોતાની પહેલી ઈનિંગમાં ૩ વિકેટ પર ૧૪૫ રન બનાવ્યા. ઋષભ પંત ૧૯ અને કેએલ રાહુલ ૫૩ રન પર અણનમ છે. રાહુલે ૧૧૩ બોલનો સામનો કર્યો છે અને પાંચ ચોગ્ગા ફટકાર્યા છે. જ્યારે ઋષભ પંતે ૩૩ બોલની પોતાની ઈનિંગમાં ૩ ચોગ્ગા ફટકાર્યા છે.બંને દેશો વચ્ચે પાંચ મેચોની ટેસ્ટ સીરિઝ હાલ ૧-૧ની બરાબરી પર છે. સીરિઝનો પહેલો મુકાબલો લીડ્સમાં રમાયો હતો, જેમાં ઈંગ્લેન્ડની ટીમને ૫ વિકેટથી જીત મળી હતી. ત્યારબાદ




એજબેસ્ટન ટેસ્ટ મેચમાં ભારતે વાપસી કરતા યજમાન ટીમને ૩૩૬ રનથી હરાવી હતી. હવે લોર્ડ્સ ટેસ્ટ મેચ જીતવાના ઈરાદાથી બંને ટીમો મેદાનમાં ઉતરી છે.ભારતીય ટીમની પહેલી ઈનિંગમાં શરૂઆત કંઈ ખાસ ન રહી. યશસ્વી જાયસવાલ (૧૩ રન) બીજી જ ઓવરમાં જોફ્રા આર્ચરનો શિકાર બની ગયો, જે ૪ વર્ષ બાદ ટેસ્ટ ક્રિકેટ રમવા ઉતર્યા હતા. અહીંથી કેએલ રાહુલ અને કરૂણ નાયર વચ્ચે બીજી વિકેટ માટે ૬૧ રનોની પાર્ટનરશિપ થઈ. કરૂણ નાયરને બેન સ્ટોક્સે જો રૂટના હાથે કેચ આઉટ કરાવ્યો. કરૂણ નાયરે ૪ ચોગ્ગાની મદદથી ૬૨ બોલ પર ૪૦ રન બનાવ્યા. શુભમન ગિલ કંઈ ખાસ પ્રદર્શન ન કરી શક્યા અને ૧૬ રન બનાવીને ક્રિસ વોક્સનો શિકાર બન્યા. અહીંથી કેએલ રાહુલ અને ઋષભ પંતે બીજા દિવસે ભારતને કોઈ વધુ નુકસાન ન થવા દીધું.

# એશિયા કપ અંતર્ગત ભારત આવી રહેલ પાકિસ્તાન હોકી ટીમના નાટકો ચાલુ

આખી દુનિયાને ખબર છે કે આ ધરતી પરનો આતંકીઓથી ભરેલો એક માત્ર દેશ એટલે કે પાકિસ્તાન. હવે આવા દેશના ખેલાડીઓને ભારત જેવા સુરક્ષિત દેશમાં હોકી રમવા માટે આવતા પહેલા તેમની સુરક્ષાની ચિંતા થઈ રહી છે.એશિયા કપ ૨૦૨૫ હાલ એક મોટી મૂંઝવણમાં છે અને આ મૂંઝવણ પાકિસ્તાની ટીમના નાટકોના કારણે થઈ રહી છે. એશિયા કપ ૨૦૨૫ અંતર્ગત પાકિસ્તાનની હોકી ટીમને ભારતમાં રમવા આવવાની પરવાનગી મળી ગઈ છે પરંતુ હવે પાકિસ્તાન હોકી ફેડરેશનને તેમના ખેલાડીઓની ચિંતા થઈ રહી છે. ચોક્કસથી ભારત અને પાકિસ્તાન વચ્ચે થોડા સમયથી બોર્ડર પર ચાલી રહેલા તણાવના કારણે બંને દેશોની રમત ગમત પર પણ અસર પડી રહી છે પરંતુ સપ્ટેમ્બરમાં યોજાનાર એશિયા કપ માટે ભારત સરકારે પાકિસ્તાનને ભારત આવવાની પરવાનગી આપી દીધી છે.જે દેશ આખા વિશ્વ માટે એક મોટા ખતરા સમાન છે એવા દેશને હવે ભારત જેવા સુરક્ષિત દેશમાં હોકી રમવા આવતા પહેલા એ તપાસ કરવી છે કે તેઓ અહિયાં સુરક્ષિત છે કે કેમ. ભારત સરકાર તરફથી પાકિસ્તાનને રમવા આવવાની પરવાનગી મળ્યા બાદ PHF ના એક અધિકારીએ એવું નિવેદન આપ્યું કે તેઓ તેમની હોકી ટીમને પાકિસ્તાન મોકલતા પહેલા ભારતમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરશે. જો પાકિસ્તાની મેનેજમેન્ટને લાગશે કે ટીમને કોઈ ખતરો છે તો ટીમને ભારત મોકલવામાં આવશે નહી.



સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૧૨ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## આજની સુરત ખાતેની લોક અદાલતમાં રેકર્ડ બ્રેક કેસોનું સમાધાન થશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત.તા.૧૨**

સુરત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને નવ નિયુક્ત મુખ્ય જિલ્લા ન્યાયાધીશ આર.એ.ત્રિવેદીના વડપણ હેઠળ આજે સુરત અને જિલ્લાની ન્યાયાલયોમાં સવારથી લોક અદાલતનો ઔપચારિક રીતે આરંભ થયો છે. લોક અદાલત પૂર્વે વધુમાં વધુ કેસોનું સમાધાન થાય તે માટે જજો, વકીલો અને સ્ટાફે કરેલી વ્યાપક તૈયારીઓને ધ્યાને લઈ આ વખતની લોક અદાલતમાં રેકર્ડબ્રેક સંખ્યામાં કેસોનુ સમાધાન સાથે નિકાલ થાય તેવી પ્રબળ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જેથી આ વખતે નેશનલ લોક અદાલતમાં ગુજરાતમાં સુરત જિલ્લાનો ડંકો વાગશે તેવો પણ અંદાજ આંકવામાં આવ્યો છે.

ભારતની ન્યાયલયોમાં આજે નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. સુરત અને જિલ્લાની ન્યાયાલયોમાં પણ લોક અદાલત યોજાઈ રહી છે. આજે સવારે સુરતના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ આર.એ.ત્રિવેદી, સુરત ફેમિલી કોર્ટના પ્રિન્સીપાલ જજ એમ.એન.મન્સુરી, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ ડી.આર.જોષી, કલેકટર ડો.સૌરભ પારધી, સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, સુરત જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસર, મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા અને સુરતના બંને બારના પ્રમુખો બ્રિજેશ પટેલ અને નિલકંઠ બારોટે દિપ પ્રાગટ્ય કરી લોક અદાલત પ્રારંભ કરાવ્યો છે. લોક અદાલત શરૂ થતાની સાથે જ વકીલો અને પક્ષકારો હાજર થઈ ગયા હતા. આ નેશનલ લોક અદાલતમાં મોટી સંખ્યામાં એમએસીપી, નેગોશિએબલ, સિવિલ પ્રકરણ, ફેમિલી ડિસ્પ્યુટ, ટ્રાફિકના દંડો સહિતના હજારો કેસો સમાધાન માટે મુકવામાં આવ્યા છે. જે ખાનગી કેસો સમાધાન લાયક છે તેવા કેસોમાં ૨૫ હજારથી વધુ લોક અદાલતની નોટિસો પક્ષકારોને ઈસ્યુ કરવામાં આવી હતી. આ વખતે લોક અદાલત પૂર્વે ચેક બાઉન્સના કેસોમાંસમાધાન થાય તેવા હેતુથી ખાસ કન્સિલેશન બેન્ચ પણ શરૂ કરવામાં આવી હતી. જે અન્વયે ફાઈનાન્સ કંપનીના અધિકારીઓ તેમજ પક્ષકારો હાજર રહી પોતાની વચ્ચે રહેલી તકરારોનો નિવેડો લાવી રહ્યા છે.



લોક અદાલતમાં યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય ન્યાયાધીશ આર.એ.ત્રિવેદી, ફેમિલી કોર્ટના જજ એમ.એન.મન્સુરી, કાનુની સેવા સત્તા મંડળના ડી.આર.જોષી, કલેક્ટર ડૌ. પારધી, પોલીસ કમિશનર ગેહલોત સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

## આજની લોક અદાલત ભૂતકાળની લોક અદાલતનો તમામ રેકર્ડ તોડશે : સુરત મુખ્ય ન્યાયાધીશ ત્રિવેદી

**■ લોક અદાલતની પૂર્વ તૈયારી માટે તમામ સ્ટેટ હોલ્ડર્સે યોગદાન આપ્યું છે**

સુરતના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ આર.એ.ત્રિવેદીએ દિપ પ્રાગટ્ય કરીને જણાવ્યું હતુ કે, લોક અદાલત એ લોકોની અદાલત છે, અદાલતની જટિલ કાર્યવાહી, આંટીઘૂંટી, પક્ષકારો વચ્ચે ઘર્ષણ આ બધાને બદલે અનૌપચારિક રીતે સમાધાનની પ્રક્રિયાથી વિવાદનો ઉકેલ એ ભારતમાં ભારતીય ન્યાય પ્રણાલીનો એક મોટો સંસ્કાર રહ્યો છે.આજે ઉત્સાહભર્યું વાતાવરણ દેખાય રહ્યુ છે., લોક અદાલતની પૂર્વ તૈયારી માટે તમામ સ્ટેટ હોલ્ડર્સે યોગદાન આપ્યું છે. સૌથી વધુ ઉત્સાહ વકીલોમાં છે. તેઓએ પોઝીટીવલી ઈવેન્ટ આપી હતી. તદુપરાંત ચેક બાઉન્સના કેસોમાં મોટા પ્રમાણમાં સમાધાન થાય તે માટેનો મારો એક નવતર પ્રયોગ હતો. તે અંતર્ગત ચેક બાઉન્સના કોમર્શીયલ અને કેપીટલ કેસો માટે પક્ષકારોને અહીયા સમાધાન માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાં માત્ર ૫ દિવસના ટૂંકાગાળામાં ખૂબ કામગીરી થઈ છે. જેમાં પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત અને એસ.પી. હિતેષ જોયસરની પણ ઉમદા કરી રહી છે. આ લોક અદાલતમાં ડીજીપી નયન સુખડવાલા અને તેમની ટીમને પણ શ્રેષ્ઠ કામગીરી બદલ આભાર માન્ય માન્યો હતો. તદુપરાંત સુરત અને જિલ્લામાં સૌથી બેસ્ટ જજીસની ટીમ મળી હોવાનો ગર્વ પણ જજ ત્રિવેદીએ આ કાર્યક્રમમાં લીધો હતો. વધુમાં તેઓએ ઉમેર્યું હતુ કે લોક અદાલતના નિકાલના આંકડા સ્ટેટીક્સ તો સાંજે ખબર પડશે, પરંતુ મને પુરેપુરી શ્રદ્ધા છે કે સુરતના લોક અદાલત આગળના રેકોર્ડ ચોક્કસ તોડશે.

**ફાયર એનઓસીના મુદ્દે ફાયર બ્રિગેડની કામગીરી**

## પાંડેસરા-બમરોલી, ઉનની ચાર હોસ્પિટલ સીલ

**ફાયર સેફ્ટી અંગે ફાયર બ્રિગેડ વિભાગની ટીમોની ફરી તપાસ**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૨**

શહેરના પાંડેસરા, બમરોલી રોડ ઉપર આવેલી દીપ ચિલ્ડ્રન હોસ્પિટલ, કવિતા પ્રસુતિગૃહ એન્ડ જનરલ હોસ્પિટલ તેમજ એડવાન્સ ઓર્થોપેડીક એન્ડ સર્જીકલ હોસ્પિટલ અને ઉન પાટીયા ખાતે આવેલી ઉન મલ્ટી સ્પેશ્યાલીસ્ટને ફાયર વિભાગ દ્વારા ફાયર એનઓસી રિન્યુઅલ ન કરવા બદલ આજે સીલ કરી દેવામાં આવી હતી.

ચીફ ફાયર ઓફીસર બસંત પરીખે જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં આવતા દર્દીઓ તેમજ હોસ્પિટલ સ્ટાફની પણ સેફ્ટી બાબતે ફાયર સેફ્ટીના સાધનો હોવા મહત્વના છે. ત્યારે હોસ્પિટલ દ્વારા સ્થાનિક ફાયર ઓથોરિટી પાસેથી ફાયર એનઓસી મેળવવામાં આવે છે. જેનો સમયગાળો પુરર્ણ થતા પ્રોસેસ કરી ફરીથી રિન્યુઅલ કરાવવાનું હોય છે. જોકે કેટલીક હોસ્પિટલો દ્વારા ફાયર એનઓસી રિન્યુઅલ કરાયા વગર જ હોસ્પિટલો કાર્યરત રાખવામાં આવી હોય આ બાબત ધ્યાને આવતા આજે ફાયર વિભાગના ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર ઈશ્વર પટેલ સહિતના સ્ટાફે પાંડેસરા પિયુષ પોઈન્ટ ખાતે આવેલી શ્રી દીપ ચિલ્ડ્રન કેર હોસ્પિટલ, કર્મયોગી સોસાયટી પાંડેસરા નજીકની કવિતા પ્રસુતિ ગૃહ, બમરોલી વીઆઈપી રોડ પર આવેલી એડવાન્સ ઓર્થોપેડીક ધ સર્જીકલ હોસ્પિટલ તેમજ ઉન પાટીયા ખાતે આવેલી ઉન મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલને સીલ કરી દેવામાં આવી હતી. ઉપરોક્ત ચારેય હોસ્પિટલોએ ફાયર એનઓસી રિન્યુઅલ કરાવી ન હતી. જેને કારણે ફાયર વિભાગ દ્વારા આજે સવારથી સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

## ધો.૧૨ સાયન્સની પૂરક પરીક્ષામાં ૪૧.૫૬ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા

**૧૯૨૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : પરિણામ સુધારવા ઈચ્છતા ૫૭૩૫ વિદ્યાર્થીઓનું પરિણામ સુધર્યુ**

**ગાંધીનગર,તા.૧૨**

પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર:ધોરણ ૧૨ સાયન્સનું ૪૧.૫૬ ટકા પરિણામ જાહેર, ૫૭૩૫ વિદ્યાર્થીઓનું પરિણામ સુધર્યું

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની નિયમિત પરીક્ષા માર્ચમાં યોજાઈ હતી, જે બાદ જૂન મહિનામાં પૂરક પરીક્ષા યોજાઈ હતી. ત્યારે આજે (૧૨ જુલાઈ) ધોરણ ૧૨ સાયન્સની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. ધોરણ ૧૨ સાયન્સમાં ૪૧.૫૬ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે.

ધોરણ ૧૨ સાયન્સમાં ૧૯,૨૫૧ વિદ્યાર્થીઓએ પૂરક પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૬,૭૮૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. આ પૈકીના ૬,૯૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે એટલે ૪૧.૫૬ ટકા પરિણામ આવ્યું છે. છ ગ્રુપનું પરિણામ ૪૬.૩૨ ટકા આવ્યું છે, ૠ ગ્રુપનું પરિણામ ૪૦.૪૭ ટકા આવ્યું છે, જ્યારે છૠ ગ્રુપનું પરિણામ ૩૭.૫૦ ટકા આવ્યું છે.

માર્ચમાં લેવાયેલી પરીક્ષામાં પાસ થયા હોય પરંતુ પરિણામ સુધારવા ઈચ્છતા હોય તેવા ૭,૫૪૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૫,૭૩૫ વિદ્યાર્થીઓનું પરિણામ સુધર્યું છે જ્યારે ૧,૮૧૨ વિદ્યાર્થીઓનું પરિણામ સુધર્યું નથી.

## રિક્ષામાં યુવકે આપઘાત કર્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૨**

પાંડેસરા અપેક્ષા નગર માં રહેતા રાહુલ નગીના કુશવાહએ તા.૧૧/૦૭/૨૦૨૫ ના કલાક ૧૭/૫૦ વાગ્યા ના અરશામા ધીરજ સન્સના શોપ પાસે શ્યામ મંદિરની પાછળ ભીમરાડ ચાર રસ્તા રીક્ષામાં બેસી જંતુનાશક દવા કોઇ અગમ્ય કારણસર પી લેતા સ્થળે તેમની પત્ની ખુશ્બૂ પહોચેલ જેમણે ૧૦૮ ને કોલ કર્યો હતો, ત્યારબાદ પણ પેશંટની તબીયત વધુ ખરાબ થતા તેમની પત્ની ખુશબુ રીક્ષા મારફતે નવી સીવીલ હોસ્પિટલ ખાતે લઈને આવેલ અને ક.૧૯/૧૧ વાગ્યે લઈને આવતા જેમને ફરજ પરના ડો.શ્રી પ્રીયંકાબેન નાઓએ ક.૧૯/૧૫ વાગે આ પેશંટને જોઇ તપાસી મરણ જાહેર કરેલ છે.

## સરીગામની જીવન કેમિકલ કંપનીના ગોડાઉનમાં આગ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૨**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ GIDCમાં આવેલી જીવન કેમિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ગોડાઉનમાં મધ્ય રાત્રિએ અચાનક આગ લાગી હતી. આગ લાગ્યા સમયે કંપનીમાં નાઈટ શિફ્ટ બંધ હોવાથી કોઈ કામદાર હાજર ન હતો. જેથી મોટી જાનહાની ટળી હતી.

આજુબાજુની કંપનીના કામદારો અને જીવન કેમિકલના સિક્યુરિટી જવાને તરત જ આગની જાણ કરતાં કંપનીના સંચાલકો અને ફાયર ફાઈટર ટીમોને તુરંત બોલાવવામાં આવ્યા હતા. ભિલાડ પોલીસે ઘટના સ્થળે પહોંચી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી.સરીગામ સહિત કુલ ૬ ફાયર ફાઈટરની ટીમોએ સવારે ૮:૩૦ વાગ્યા સુધી સતત પ્રયત્નો કરી આગ પર કાબૂ મેળવ્યો હતો. કેમિકલ ભરેલા ગોડાઉનમાં આગ લાગવાથી મોટા પ્રમાણમાં મટીરિયલ બળીને ખાખ થયો છે.

આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. FSL ટીમ આગના કારણોની તપાસ કરશે. કોઈ જાનહાની ન થતાં કંપની સંચાલકો અને તંત્રએ રાહત અનુભવી છે. આગથી થયેલા નુકસાનનો અંદાજ તંત્ર દ્વારા કાઢવામાં આવશે.

## સુરતના તાપમાનમાં નજીવો ઘટાડો થયો

**આજે લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૨**

વરસાદના વિરામ વચ્ચે સુરત શહેર જિલ્લામાં મહત્તમ તાપમાનનો પારો ઉંચો જઇ રહ્યો છે. ત્યારે ગઈકાલે મહત્તમ તાપમાન બે ડિગ્રી વધીને ૩૨ સેલ્સિયસ ડિગ્રી ઉપર પહોંચી જતા ગરમીનો અહેસાસ થયો હતો. બીજી તરફ આજે સવારે સુરત શહેરનું લઘુત્તમ તાપમાન ગઈકાલ કરતા બે ડિગ્રી ઘટીને ૨૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું.

સુરત શહેર જિલ્લા સહિત સમગ્ર દ.ગુજરાતમાં હવામાન વિભાગે આગામી ૧૫ જુલાઇ સુધી ભારે વરસાદની આગાહી કરી હતી. જોકે વિતેલા ત્રણ ચાર દિવસથી શહેર જિલ્લામાં મેઘરાજાએ વિરામ લીધો છે ત્યારે ગરમીનું પ્રમાણ વધ્યું છે. આજે સવારે લઘુત્તમ તાપમાન ૨૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. જે ગઈકાલ કરતા બે ડિગ્રી ઘટ્યું હતું. બીજી તરફ મહત્તમ તાપમાનનો પારો બપોર થતા ઉંચો ગયો હતો. બે ત્રણ દિવસથી ગરમી અને બફારો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે સવારથી તડકો નિકળતા તાપમાનનો પારો ઉંચો ગયો હતો.

## પ. બંગાળના બે ઠગે સુરતના રેતી વેપારીને ચૂનો ચોપડ્યો

**અડાજણના ચેતને પોલીસ ફરિયાદ નોંધાવી**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૨**

અડાજણમાં રહેતા અને રેતી કપ્ચીના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીની ઓફીસે પહોંચી વેસ્ટ બંગાળના કોયલ સેન્ડ એન્ડ પ્લોટ ડેવલોપમેન્ટના બે માલિકોએ ચલણ બુક મેળવી લઈ વેપારીની કંપનીના ચલણોમાં ખોટા સિક્કા બનાવી ખોટી સહિઓ કરી રૂ.૨૩.૯૭ લાખ મેળવી લઈ છેતરપિંડી કરી હતી.

અડાજણ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર અડાજણ ટીજીબી સર્કલ પાસે શાલીગ્રામ ફ્લેટમાં રહેતા ચેતન વિનોદભાઈ મશરાણી ઉ.વ.૫૧ પલક એન્ટરપ્રાઈઝના નામે રેતી કપ્ચીનો વેપાર કરે છે. દરમિયાન ગઈ તા.૧-૭-૨૦૨૪ના રોજ થી તા.૧૨ ઓગષ્ટ ૨૦૨૫ના સમયગાળામાં વેસ્ટ બંગાલ હુગદી દિલાલપુર ચોક પાસે હરીપુરના વતની ગધાધર ચૌલ જે કોયલ સેન્ડ ટ્રેડીંગ કંપનીના માલિક છે તે તથા કૌશીક ગધાધર ચૌલે સુરત ખાતેની ઓફીસે આવી ચેતન મશરાણીની ચલણ બુક મેળવી લીધી હતી જેમાં ખોટા સહી સિક્કા કરી રેતી કપ્ચીનો માલ આપ્યા વગર ચેતન મશરાણી પાસેથી રૂ.૨૩.૯૭ લાખ મેળવી લીધા હતા.

## લાંચિયા તલાટી હિતેશ દેસાઇને બપોર બાદ કોર્ટમાં રજુ કરાશે

**આ લાંચિયા અધિકારીએ ખેડૂત પાસે લાંચ લેતા એસીબીએ ઝડપી પાડ્યો હતો**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૨**

કઠોર ગામના એક ખેડૂતને આંબાના વાવેતર બાબતે પાક વાવેતરનો દાખલો આપવાના અવેજમાં રૂ.૨૫૦૦ની લાંચ લેતા અબ્રામાં મામલતદાર કચેરીના રેવન્યુ તલાટીને એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે કઠોર ગામ ખેડૂતની જમીન પાસેથી ઝડપી લીધો હતો. આજે આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવામાં આવશે.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ કઠોર ગામના એક ખેડૂતએ પોતાની જમીનમાં આંબાના પાકનું વાવેતર કર્યું હતું.જેમાં તેને પાક વાવેતરનો દાખલો મેળવવાનો હતો આ માટે ખેડૂતએ મોટા વરાછા સુદામા ચોક ખાતે અબ્રામાં મામલતદારની કચેરીમાં અરજી કરી હતી,.આ દાખલો આપવાની ફાઈલ કચેરીમાં ફરજ બજાવતા રેવન્યુ તલાટી હિતેશ અંબાલાલ દેસાઈની પાસે આવી હતી.તેણે ખેડૂતને બોલાવીને પાક વાવેતરનો દાખલો જોઈતો હોય તો રૂ.૩ હજાર આપવા પડશે તેમ કહ્યું હતું.;જોકે ખેડૂતએ રેકઝક કરીને રૂ.૨૫૦૦ લાંચ આપવાનું નક્કી કર્યું હતું.અને આ બાબતે એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરિયાદ નોંધાવી દીધી હતી. !એ.સી.બી.ના મદદનીશ નિયામક આર.આર,.ચૌધરીની સુચનાથી પી.આઈ.આર.કેસોલંકી અને તેમની ટીમે ખેડૂતની જમીમ પની પાસો જ લાંચનું છટકું ગોઠવ્યું હતું અને રેવન્યુ તલાટી હિતેશ દેસાઈને રૂ..૨૫૦૦ની લાંચ લેતા ઝડપી લીધો હતો. આજે આ કેસમાં આરોપીને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરાશે.

## અખાદ્ય ગોળનો જથ્થો જપ્ત

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૨**

ઓલપાડના કારેલી ગામમાંથી પોલીસ અખાદ્ય ગોળનો જથ્થો ભરેલી બોલેરો ગાડી જપ્ત કરી હતી. આ ગાડીનો ચાલક નીતિન હરેશ માલવિયા હતો. પોલીસે ગાડી સહિત રૂા.૪.૬૩ લાખનો જથ્થો જપ્ત કર્યો હતો. ગોળનો જથ્થો પરિક્ષણ માટે ફાલસાવાડી ખાતેની લેબમાં મોકલી દેવાયો છે.

## મોબાઇલ ધારકોને બોગસ કોલથી સતત રંજાડનારા ઉપર કંપનીઓની લગામ જરૂરી

**ભાગ્યે જ કોઇ એવું વ્યક્તિ હશે જે ફ્રોડ કોલનો ભોગ ન બન્યા હોય**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૧૨**

સાયબર ક્રાઇમ બાબતે પોલીસ વિભાગ દ્વારા જનજાગૃતિ લાવવા સતત પ્રયાસો કરાતા રહે છે ત્યારે ભેજાબાજો પર લગામ કસવા માટે ટેક્નોલોજીનો પોલીસ સહિત વિવિધ સરકારી વિભાગો ઉપયોગ કરી રહ્યા છે. જોકે સાયબર ક્રાઇમ કરનારાઓ હજી પણ પોત પ્રકાશતા રહેતા હોય છેલ્લા ઘણા સમયથી મોબાઇલ ધારકોને લોન તેમજ ક્રેડીટ કાર્ડ કે પછી નોકરીની લાલચે અથવા તો યેનકેન પ્રકારે સતત ફ્રોડ કોલ કરીને રંજાડવામાં આવી રહ્યા હોય તેમ આપણા મિત્ર વર્તુળોમાં કે ઘર પરિવારનાં લોકોમાં તમે જે પણ વ્યક્તિને પુછો તેના મોઢે સાંભળવા મળશે કે દિવસમાં કોઇને કોઇ કંપનીના નામે તેમને ફોન આવે છે. આ કોલ કરનારાઓ દ્વારા મોબાઇલ ધારકોને સવારથી સાંજ સુધીમાં કોઇપણ સમયે કોલ કરવામાં આવે છે. કેટલાક કોલ રિસીવ કર્યા બાદ તે કટ થઇ જાય છે કે સામે પક્ષે કોઇ કોલરનો અવાજ આવતો નથી.

આંગળીના ટેરવે તમને જે વિષય વસ્તુની માહિતી ઉપલબ્ધ કરાવતા મોબાઇલની ઉપયોગીતા સામે તેના ઘણા ગેરફાયદા પણ છે. ત્યારે બોગસ ફોન કોલ કરનારાઓનો ત્રાસ ભાગ્યે જ કોઇ વ્યક્તિ એવું હશે કે જેના મોબાઇલ ઉપર મહિને દિવસે કોઇ આ પ્રકારનો ફ્રોડ કોલ ન આવ્યો હોય. છેલ્લા ઘણા સમયથી મોબાઇલ ધારકોને યેનકેન પ્રકારે ભલતી ભલતી કંપનીનાં નામે કોલ કરીને કોઇને કોઇ સ્કીમ બતાવી રંજાડવામાં આવી રહ્યા છે. ત્યારે આવા ફેક કોલરના નેટવર્ક સામે કંપનીઓ લગામ લગાવી તો લોકોને આ માનસિક ત્રાસમાંથી મુક્તિ મળે તેમ છે.

## સહારા દરવાજા પાસે એસટી બસની બ્રેક ફેઈલ થઈ, ચાર વાહનો અડફેટે ચઢ્યા

**લોકોએ ડ્રાઈવરને પકડી પાડ્યો, ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૨**

આજે સુરત સહારા દરવાજા ગરનાળા પાસે એક અકસ્માત સર્જાયો હતો, એસટી બસના ચાલકે સહારા દરવાજા પાસે ચારથી પાંચ વાહનોને ટક્કર મારી હતી. લોકોએ બસના ચાલકને પકડી પાડ્યો હતો. દરમિયાન બ્રેક ફેઈલ થઈ જતા આ અકસ્માત થયો હોવાનું બસ ચાલકે જણાવ્યું હતું.સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર અલગટથી સુરત આવતી એસટી બસ એ આજે સુરત બસ સ્ટેન્ડ નજીક સહારા દરવાજા ગરનાળા પાસે અકસ્માત સજર્યો હતો. આ અકસ્માતમાં જાનહાની થઈ ન હતી, પરંતુ વાહનોને નુકસાન થયું હતું. બન્યું એવું હતું કે સહારા દરવાજા ઘરનાળા પાસેથી આ બસ પસાર થઈ રહી હતી ત્યારે અચાનક બ્રેક ફેલ થઈ જતા બસના ચાલકે ચાર થી પાંચ બાઈકને અડફેટે લીધી હતી આ ઘટનાથી લોકોમાં ભાગદોડ મચી જવા પામી હતી ત્યારબાદ લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. બાદમાં લોકોએ બસના ચાલકને પકડી પાડ્યો હતો પરંતુ બસ ચાલકે બ્રેક ફેલ થઈ જતા આ ઘટના ઘટી હોવાનું જણાવ્યું હતું. જેથી લોકોના મારથી બસ ચાલક બચી ગયો હતો. આ દુર્ઘટનામાં સામાન્ય ઈજા થતાં વાહન ચાલકોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

## ખટોદરાના કારખાનેદાર સાથે એકાઉન્ટન્ટે રૂા.૮.૩૯ લાખની ઠગાઈ કરી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૨**

રીંગરોડ ખટોદરા જીઆઇડીસીમાં કપડાનું મેન્યુફેક્ચરીંગ કરતા વેપારીને ત્યાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા યુવાને કારખાનામાં કામ ન કરતા હોય તેવા એક કારીગરના એકાઉન્ટમાં રૂ.૮.૩૯ લાખ ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરીયાદ ખટોદરા પોલીસ મથકમાં નોંધાઇ છે.ખટોદરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ઉત્રાણ સીલ્વર પેલેસ ખાતે રહેતા દર્શન તુલશીભાઇ રજોડીયા ઉ.વ.૩૫ રીંગરોડ ખટોદરા જીઆઇડીસીમાં કાપડનું મેન્યુફેક્ચરીંગ કરે છે. દરમિયાન કારીગરોના પગાર સહિત કારખાનાનાં હીસાબ કિતાબ રાખતા રોહીત પરિહાર (રહે. ગુરૂનગર સોસાયટી, ભૈયાનગરની પાસે, પુણા)એ ગત સપ્ટેમ્બર ૨૦૨૪ થી એપ્રિલ ૨૦૨૫ના સમયગાળામાં નાણાકીય વ્યવહારો થકી કારખાનામાં કામ કરતા કારીગરોને આપેલ કોડમાં તેમજ નામોમાં ફેરફાર કરી કારખાનામાં કામ ન કરતા હોય તેવી એક વ્યક્તિના બેંક અકાઉન્ટમાં કુલ રૂ.૮.૩૯ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. કારખાના માલિકની જાણ બહાર આર્થિક લાભ મેળવી લઇ વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોય આ બાબતે દર્શન રજોડીયાને ધ્યાને આવતા ગઇકાલે એકાઉન્ટન્ટ રોહીત પરિહાર સામે ખટોદરા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો ગુનો નોંધાવ્યો હતો.